CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 19

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 59, Dt. 07-07-2026 (TUESDAY) Rs. 02/- Page : 30, RNI No. GUJGUJ/2023/84789

રામના નામે રાજકારણ ? ટ્રસ્ટના હોદ્દેદારો સભ્યોને સરકારની આંખ અને કાન ગણવામાં આવે છે

# દોષિત નહીં તો રાજીનામું કેમ ?

## પ્રસાદ ચોરી બાદ ટ્રસ્ટના ત્રણ મોટા ચહેરા હટાવાયા

પ્રસાદ ચોરીના કેસમાં SIT તપાસ શરૂ થયા બાદ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. મહામંત્રી ચંપત રાય, ટ્રસ્ટી ડૉ. અનિલ કુમાર મિશ્રા અને ભૂતપૂર્વ મંદિર પ્રશાસક ગોપાલ રાવને તેમની જવાબદારીઓમાંથી હટાવવામાં આવ્યા છે, જેના કારણે સમગ્ર ઘટનાક્રમ અંગે અનેક સવાલો ઊભા થયા છે.

## રાજીનામા અને હટાવવાના નિર્ણયથી ચર્ચા તેજ

આક્ષેપો વચ્ચે સૌથી મોટો પ્રશ્ન એ ઉઠી રહ્યો છે કે જો સંબંધિત લોકો નિર્દોષ હતા તો તેમણે જવાબદારી કેમ છોડી? બીજી તરફ જો તેઓ જવાબદાર હતા તો માત્ર પદ પરથી દૂર કરવું પૂરતું છે કે તેમની સામે વધુ કડક કાર્યવાહી થવી જોઈએ, તે મુદ્દે ચર્ચા ચાલી રહી છે.

## ટ્રસ્ટના પુનર્ગઠનની માંગે જોર પકડ્યું

આ સમગ્ર વિવાદ બાદ વિવિધ વર્ગોમાં ટ્રસ્ટના પુનર્ગઠનની માંગ ઉઠી રહી છે. લોકોનું માનવું છે કે ટ્રસ્ટમાં એવા પ્રતિનિધિઓને સ્થાન મળવું જોઈએ, જેમણે રામ મંદિર આંદોલન અને તેના ઈતિહાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હોય, જેથી શ્રદ્ધા અને વિશ્વાસ વધુ મજબૂત બની શકે.

**સિટી ન્યૂઝ@અયોધ્યા**

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયને પણ દેશનિકાલ કરવામાં આવ્યા. ટ્રસ્ટી ડૉ. અનિલ કુમાર મિશ્રા પાસેથી પણ ખાંડ છીનવી લેવામાં આવી. ખાસ આમંત્રિત અને ભૂતપૂર્વ મંદિર પ્રશાસક ગોપાલ રાવ હવે મંદિરના રાવ રહ્યા નથી. આમ, ભગવાન રામની જવાબદારી ભગવાન કૃષ્ણને સોંપવામાં આવી છે. તેમને વચગાળાના મહામંત્રી બનાવવામાં આવ્યા છે. મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે જો આ લોકો પ્રસાદ ચોરી કેસમાં દોષિત ન હતા, તો રાજીનામું કેમ આપ્યું? તેમને શા માટે દૂર કરવામાં આવ્યા? જો તેઓ દોષિત છે, તો માત્ર દૂર કરવાથી શું થશે ? ભગવાન રામ સાથે દગો કરનારાઓને કૃષ્ણ મંદિરમાં દર્શન કરવાની મંજૂરી કેમ ન આપવામાં આવી? પ્રસાદ ચોરી કૌભાંડ એક મહિના સુધી લંબાયું. ૧૫ દિવસ સુધી તેને દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ જ્યારે જવાબદારો નિષ્ફળ ગયા, ત્યારે SIT ની રચના કરવામાં આવી. ચોરી થઈ. આઠ હાલમાં જેલમાં છે, અને જે ત્રણ સંપૂર્ણપણે જવાબદાર હતા તેમને દૂર કરવામાં આવ્યા, અને તેમની ફરજ પૂર્ણ માનવામાં આવી. ગમે તે હોય, ચોરી થઈ, અને સમગ્ર હિન્દુ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચી. તપાસ ચાલુ રહે છે, જેમાં ખુલાસો થાય છે કે નજીકના લોકોને કેવી રીતે આ ઉપકાર વહેંચવામાં આવ્યો હતો. જવાબદાર અધિકારીઓની ભૂલને અવગણવામાં આવી હતી કે જેઓ એક સમયે તૂટેલી સાયકલ ચલાવવા માટે ભાગ્યે જ સક્ષમ હતા અને હવે રેન્જ રોવર્સ જેવી મોંઘી કારમાં ઝડપથી ફરતા હતા. તેઓ ટીન શેડમાંથી વૈભવી બંગલામાં ગયા, અને જેમની પાસે બે ગજ જમીન પણ નહોતી તેઓ અનેક એકરના માલિક બની ગયા. ગમે તે હોય, તપાસ પૂર્ણ થઈ ગઈ, અને આ સાથે, કૌભાંડ લગભગ સમાપ્ત થઈ ગયું છે. અહીં બીજો પ્રશ્ન. હા. તે વિશ્વાસનો વિષય છે. તે શ્રદ્ધાનો વિષય છે. તેથી લોકો માને છે કે બોર્ડનું પુનર્ગઠન કરવું જોઈએ અને તેને એવી રીતે બનાવવું જોઈએ કે આજના અયોધ્યાથી ભૂતકાળના અવધ અને સાકેત સુધીના ઈતિહાસનું સન્માન કરી શકાય. ઈતિહાસ એ પ્રસંગોનો સાક્ષી છે જ્યારે રામ લલ્લા મંદિર માટે બલિદાન આપવામાં આવ્યા હતા.



### રામ લલ્લા મંદિર જેના માટે ભગવાન રામના વંશજો ક્ષત્રિય રાજપૂતોએ 500 વર્ષોથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી

# ‘રામ’ ક્ષત્રિય છે..પણ એક રાજપુત ટ્રસ્ટમાં નથી

## અયોધ્યાનો ઈતિહાસ નોંધે છે કે ઔરંગઝેબના શાસનકાળમાં ગુરૂગોવિંદ સિંહજીએ રામ મંદિર બચાવવા માટે હિન્દુ રાજાઓ અને યોધ્ધાઓનું માર્ગદર્શન કર્યુ હતું

**સિટી ન્યૂઝ@અયોધ્યા**

લોકોના મનમાં એક પ્રશ્ન સતત ઉદભવે છે કે રામ લલ્લા મંદિર, જેના માટે ભગવાન રામના વંશજો, ક્ષત્રિય રાજપૂતોએ છેલ્લા ૫૦૦ વર્ષોથી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, વર્તમાન ટ્રસ્ટમાં એક પણ રાજપૂત કે ક્ષત્રિય નથી. રામ મંદિર સંઘર્ષમાં મહારાજા રણવિજય સિંહની હારનો ઈતિહાસ યાદ કરો, જ્યારે મહારાણી રાજ કુંવર (જેને મહારાણી જયરાજ કુંવર તરીકે પણ ઓળખવામાં આવે છે) એ મહાન વ્યક્તિઓમાંની એક હતી જેમણે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિની મુક્તિ અને મંદિરના પુનર્નિર્માણ માટે જોરદાર સંઘર્ષ કર્યો હતો. મુઘલ શાસન દરમિયાન, રામ જન્મભૂમિને પાછી મેળવવા માટે આશરે ૭૬ ઐતિહાસિક સંઘર્ષો લડવામાં આવ્યા હતા. આ સંઘર્ષોમાં, મહારાણી રાજ કુંવર અને દસમા શીખ ગુરુ, શ્રી ગુરુ ગોવિંદ સિંહ જી મહારાજે આ પવિત્ર સ્થળના ઉદ્ધારમાં ફાળો આપ્યો હતો.અયોધ્યાનો ઈતિહાસ નોંધે છે કે ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન, ગુરુ ગોવિંદ સિંહજીએ રામ મંદિર બચાવવા માટે હિન્દુ રાજાઓ અને યોદ્ધાઓનું માર્ગદર્શન કર્યું હતું. ઈતિહાસ સાક્ષી છે કે પંડિત દેવીદિન પાંડે તે વીર યોદ્ધાઓમાંના એક હતા. તેઓ ૭૦ વર્ષીય પંડિત દેવીદિન પાંડે છે, જેમણે ૧૫૨૮ માં મુઘલ શાસક બાબરના સેનાપતિ મીર બાકીની સેનાથી રામ મંદિરનું રક્ષણ કરવા માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું.

### અયોધ્યામાં રામ જન્મભૂમિ ટ્રસ્ટ એક નજરમાં

આ ટ્રસ્ટનો પાયો ભારતની સર્વોચ્ચ અદાલતના ઐતિહાસિક નિર્ણય પર ટકેલો છે. ૯ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ, સુપ્રીમ કોર્ટે અયોધ્યામાં બાબરી મસ્જિદ-રામ મંદિર કેસમાં પોતાનો ચુકાદો આપ્યો. સુપ્રીમ કોર્ટના આદેશ (પાનું ૯૨૬, ભાગ Q) માં કેન્દ્ર સરકારને નિર્ણયના ત્રણ મહિનાની અંદર અયોધ્યા ચોક્કસ વિસ્તારોના સંપાદન અધિનિયમ, ૧૯૯૩ હેઠળ એક યોજના તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ યોજનામાં મંદિરના નિર્માણ અને સંચાલન માટે ટ્રસ્ટી મંડળની રચનાની જોગવાઈ હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ સંસદમાં આ ટ્રસ્ટની રચનાની સત્તાવાર જાહેરાત કરી હતી. શરૂઆતમાં, તેના ૧૫ સભ્યોમાંથી ૧૨ સભ્યો ભારત સરકાર દ્વારા નામાંકિત કરવામાં આવ્યા હતા, અને ત્રણ અન્ય સભ્યોની પસંદગી પ્રથમ બેઠકમાં કરવામાં આવી હતી.

અયોધ્યા નજીકના સનેથુ ગામના વતની પંડિત દેવીદિન પાંડે એક ધાર્મિક બ્રાહ્મણ અને પુજારી હતા.જ્યારે મુઘલ સેના રામ જન્મભૂમિને તોડી પાડવાના ઈરાદાથી અયોધ્યા તરફ આગળ વધી, ત્યારે તેમણે પોતાની પુરોહિત ફરજો છોડી દીધી અને શસ્ત્રો ઉપાડી લીધા. ૭૦ વર્ષીય પંડિત તે સમયે તીર્થયાત્રા પર હતા, પરંતુ જ્યારે તેમને ખબર પડી કે તેમના સેંકડો શિષ્યો રામ મંદિર સંઘર્ષ માટે પોતાનો જીવ આપવા તૈયાર છે અને યુદ્ધમાં ઝંપલાવવાના છે, ત્યારે તેમણે તીર્થયાત્રાનો વિચાર છોડી દીધો. તેઓ તેમના ક્ષત્રિય શિષ્યો સાથે યુદ્ધના મેદાનમાં પણ પ્રવેશ્યા.

ઐતિહાસિક અને સ્થાનિક લોકવાયકા અનુસાર, તેમણે આસપાસના બ્રાહ્મણો અને ક્ષત્રિયોને એક કર્યા અને બહાદુરીથી મુઘલ સેનાનો સામનો કર્યો. યુદ્ધ દરમિયાન, તેમણે એકલા હાથે મીર બાકીની શાહી સેનાના લગભગ ૭૦૦ મુઘલ સૈનિકોને મારી નાખ્યા... તેમણે ઉગ્રતાથી લડતા અને અંત સુધી ધર્મનું રક્ષણ કરતા શહીદી પ્રાપ્ત કરી... તેમની અદમ્ય હિંમતને આજે પણ અયોધ્યા અને સમગ્ર દેશમાં શ્રદ્ધાથી યાદ કરવામાં આવે છે... તેમના વંશજોને આ ટ્રસ્ટમાં સામેલ કરીને, તે ભવ્ય પરંપરાને આગળ ધપાવી શકાય છે.



**ક્ષત્રિયો અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિની મૂક્તિ અને મંદિરના પૂનઃનિર્માણ માટે જોરદાર સંઘર્ષ કર્યા હતા**

### લખતો ન હોવાથી આચરેલું હેવાનિયત ભર્યુ કૃત્ય

# માસુમ પર હેવાનિયત

# શિક્ષિકાએ તાવીથાથી ડામ દીધા!

## રેલનગરમાં શ્યામકૃષ્ણ વર્મા ટાઉનશીપમાં ઘટના બનતા પોલીસ ફરિયાદ થઈ

## ઠપકો આપવા ગયેલા કાકા ઉપર લાજવાને બદલે ગાજ્યા કહ્યું થાય તે કરી લ્યો







**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના શ્યામજીકૃષ્ણ વર્મા ટાઉનશીપમાં ફક્ત ચાર વર્ષના માસુમ બાળક પર શિક્ષિકાની ક્રૂરતા સામે આવી છે. ટ્યુશનમાં ગયેલો માસુમ બાળક લખતો ન હોય શિક્ષિકાએ ક્રૂરતાપૂર્વક બાળકને ડામ આપ્યો હતો. બાદમાં બાળક સાથે બર્બરતા આચર્યા પાછળનું કારણ પૂછવા ગયેલા કાકા સાથે પણ શિક્ષિકાએ બોલાચાલી કરી હતી. સમગ્ર મામલે પ્ર.નગર પોલીસે શિક્ષિકા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે રાજકોટમાં રેલનગરમાં આવેલ શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ ફ્લેટ નં.સી-૫૦૮ માં રહેતા અને રીક્ષા ડ્રાઈવિંગ કરતા ૩૬ વર્ષીય યુવાન વિશાલભાઈ હરેશભાઈ યાદવે આરોપી તરીકે શિક્ષિકા નિરાલીબેન અશ્વિનભાઈ (રહે. રેલનગર, શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ ઈ-૪૦૮, સનરાઈજ સ્કુલની બાજુમા,રાજકોટ)નું નામ આપતાં પ્ર.નગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.


PDU Medical College & Hospital Rajkot
hospital chowk, near SBI Bank, Jawahar road, Rajkot, RAJKOT, Rajkot, RAJKOT, GUJARAT, 360001 ,RAJKOT,GUJARAT,Pin: 360001

EMERGENCY & CASUALTY CLINIC

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે તે રીક્ષા લઈ ઘરે પહોંચેલ હતો. દરમીયાન આશરે આઠ વાગ્યે ભાભી ગાયત્રીબેન ધર્મેશભાઈ યાદવએ વાત કરેલ કે, મારો દીકરો કશ્યપ (ઉ.વ.૪) આપણા ઘર નજીક રહેતા નીરાલીબેનના ઘરે ટ્યુસનમા ગયેલ હતો. જયાં શિક્ષિકા નીરાલીબેને તેને ડાબા પગના સાથળ ઉપર તાવીથો ગરમ કરી ડામ દીધેલ છે. જેથી આ બાબતે નીરાલીબેનના ઘરે ઠપકો આપવા ગયેલ હતો.

નીરાલીબેનને પુછેલ કે, આ નાના દીકરાને કેમ ડામ આપેલ છે? જે સાંભળી નિરાલીબેન એકદમ ઉશ્કેરાય ગયેલ અને કહેલ કે, છોકરો લખતો ન હતો જેથી આવુ કરેલ છે, તેમ છતા તમારે જે કાઈ કરવુ હોય તે કરી લો તેમ કહી જેમફાવે તેમ બોલવા લાગેલ હતા. શિક્ષિકા નીરાલીબેને ચાર વર્ષના માસુમ બાળકને તાવીથા વડે ડામ આપતાં કાકા સહિતના બાળકને સારવાર અર્થે ખસેડ્યો હતો. બીજી બાજુ સમગ્ર મામલે પ્ર.નગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

**રાજકોટમાં 4 વર્ષના બાળકને ગરમ તાવીથી ડામ આપવાના બનાવે શિક્ષણ વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા**

## ખાનગી કોચિંગ ક્લાસીસ પર સરકારની ઢીલી નીતિ બાળકો માટે જોખમીઃ રોહિત રાજપૂત

રાજકોટ શહેરના પ્રધુમ્નનગર પોલીસ સ્ટેશન વિસ્તારના રેલનગરમાં ટ્યુશન માટે ગયેલા માત્ર ૪ વર્ષ અને ૬ મહિનાના માસૂમ બાળકને અક્ષર ન લખતાં ટ્યુશન ચલાવતી મહિલાએ ગરમ તાવીથી ડામ આપ્યાની ઘટનામા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુતે જણાવ્યુ કે આ ઘટના સમાજને હચમચાવી નાખે તેવી છે. શિક્ષણના પવિત્ર ક્ષેત્રમાં આવી ક્રૂરતા કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. રાજપુતે વધુમા કહ્યું કે બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય વિશ્વાસ, પ્રેમ અને સંસ્કાર સાથે જોડાયેલું છે. પરંતુ શિક્ષણના નામે બાળક પર શારીરિક અત્યાચાર કરવામાં આવે તે અત્યંત નિંદનીય અને શરમજનક બાબત છે. જસદણના આલ્ફા વિદ્યાલયમાં મેનેજમેન્ટની બેદરકારીના કારણે બાળકીનું મોત, રાજકોટના હરિધવા રોડ પર આવેલા પટેલ ક્લાસીસમાં બાળકને પાઈપ વડે માર મારવાની ઘટના અને હવે આ બનાવ દર્શાવે છે કે ખાનગી કોચિંગ ક્લાસીસ પર અસરકારક નિયંત્રણનો ગંભીર અભાવ છે.



### કોંગ્રેસની માંગણીઓ

- ખાનગી કોચિંગ ક્લાસીસ માટેની નીતિ તાત્કાલિક જાહેર કરવામાં આવે.
- તમામ કોચિંગ ક્લાસીસનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમિત નિરીક્ષણ કરવામાં આવે.
- Child Safety Protocol અને Child Protection Policy ફરજિયાત અમલમાં મૂકવામાં આવે.
- બાળકો પર અત્યાચાર કરનાર સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.
- ફી અને સંચાલન અંગે પારદર્શક વ્યવસ્થા ઉભી કરવામાં આવે.
- બાળ અધિકાર સુરક્ષા આયોગ અને શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી વિશેષ તપાસ હાથ ધરવામાં આવે.

## મેયરનો કંડક સંદેશઃ નિયમ વિરુદ્ધ એક પણ કામ નહીં થાય

# રાજકોટમાં નવો ડેમ બનાવવાનું આયોજન?



**કરવા જેવા તમામ કામો કરવાએ જ મુખ્ય વહીવટી અભિગમઃ નેહલ શુકલ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના મેયર ડો.નેહલ શુક્લએ રાજકીય ચર્ચાઓથી લઈને શહેરના ભવિષ્યના વિકાસ કાર્યો અને પ્રજાલક્ષી પ્રશ્નો સુધીના તમામ મુદ્દાઓ પર ખૂબ જ સ્પષ્ટતાથી વાત કરી હતી. મેયરે પોતાને છેલ્લી ઘડીએ મળેલી ચૂંટણીની ટિકિટ અને મીડિયામાં ચાલતી ચર્ચાઓનું સત્ય, શહેરમાં પાણીની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યનું આયોજન, નવા જળાશયો ઊભા કરવાની અનિવાર્ય જરૂરિયાત તેમજ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ પૂરતા કેટલાક પ્રોજેક્ટ્સને હોલ્ડ ઉપર મુકવા પાછળના ચોક્કસ વહીવટી કારણો અંગે દિલ ખોલીને જવાબો આપ્યા હતા. તેમજ ભવિષ્યમાં જળસંચયની જરૂરિયાત પર ખાસ ભાર મુકતા પોતાની કાર્યશૈલી અને આગામી સમયના આયોજનોની વિગતવાર રૂપરેખા રજૂ કરી હતી.

પાણીની સમસ્યા, વધતી જરૂરિયાત, નવા જળાશયોનું કાયમી આયોજન રાજકોટમાં તાજેતરના વર્ષોમાં ભળેલા નવા ભૌગોલિક વિસ્તારો અને તેના કારણે દિનપ્રતિદિન પાણીની સતત વધતી જતી જરૂરિયાત અંગે વાત કરતા મેયરે જળ વ્યવસ્થાપનનો સમગ્ર રોડમેપ એકસાથે રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આપણી પાસે આગામી સમયમાં જેટલી વોટર સ્ટોરેજ કેપેસિટી વધુ હશે તેટલો પાણીનો સંગ્રહ વધારે સારો થઈ શકશે. હાલની પરિસ્થિતિએ ચોમાસાની ઋતુમાં જે પુષ્કળ વરસાદી પાણી આવે છે તે નદી અને નાળામાં થઈને વહી જાય છે અને વેડફાઈ જાય છે, જેના કારણે ચોમાસા બાદ આપણે દર વર્ષે પાણીની સમસ્યાનો સામનો કરવો પડે છે. આ સાથે તેમણે એક મહત્વની ભૌતિક વાસ્તવિકતા તરફ ધ્યાન દોરતા જણાવ્યું હતું કે, શહેરના વર્ષો જૂના ડેમોની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા પણ કાંપ ભરાવાના કારણે ધીમે ધીમે ઘટી રહી છે, જે લાંબા ગાળે ચિંતાનો વિષય બની શકે છે.મેયર તરીકેના પોતાના મુખ્ય વહીવટી અભિગમ અને પદ્ધતિ અંગે વાત કરતા ડો. નેહલ શુક્લએ જણાવ્યું હતું કે, મારો અભિગમ એકદમ સ્પષ્ટ, નિયમબદ્ધ અને પારદર્શક છે. જે કરવા જેવા સકારાત્મક અને લોકોપયોગી કામો છે તે બધા જ કામો આપણે કોઈ પણ પરિસ્થિતિમાં સત્વરે કરવાના જ છે અને જે કામો નિયમ વિરુદ્ધના અથવા ન કરવા જેવા છે તેમાંથી એકપણ કામ ક્યારેય કરવાના નથી. આ નિયમ મને પણ લાગુ પડે છે અને વહીવટી તંત્રના બીજા તમામ લોકોને તથા પદાધિકારીઓને પણ સમાન રીતે લાગુ પડે છે.

હાનગરપાલિકામાં અલગ-અલગ કુલ ૩૯ વિભાગો કાર્યરત છે. અને રાજકોટ મ્યુ. કોર્પોરેશનની કુલ ૧૫ જેટલી અલગ-અલગ સમિતિઓ છે. આ તમામ સમિતિઓ અને વહીવટી વિભાગો હેઠળ આવતી દરેક બાબતો અને પ્રજાલક્ષી પ્રશ્નો પર ભવિષ્યમાં પૂરતું ધ્યાન આપવામાં આવશે તેવો દાવો તેમણે કર્યો હતો.ચૂંટણી સમયે પોતાને છેલ્લી ઘડીએ મળેલી ટિકિટ અને મીડિયામાં ચાલેલી વિવિધ ચર્ચાઓ ઉપર પણ સ્પષ્ટતા કરતા મેયર ડો. નેહલ શુક્લએ જણાવ્યું કે, મીડિયાના કેટલાક માધ્યમો દ્વારા એવી અવિરત ચર્ચા થઈ રહી છે કે મારી ટિકિટ કાપવામાં આવી હતી, પરંતુ વાસ્તવિકતા તેનાથી તદ્દન અલગ છે. કોર્પોરેટર તરીકે આ મારી બીજી ટર્મ છે. અગાઉની ટર્મમાં પણ હું રાજકોટનાં વોર્ડ નંબર ૭ માંથી જ ચૂંટાયેલો સભ્ય હતો. અને આ વખતે પણ પક્ષે મારા પર પૂર્ણ ભરોસો મૂકીને મને તે જ વોર્ડમાંથી ઉમેદવારી કરવાની તક આપી છે. ભારતીય જનતા પાર્ટીના હાઈકમાન્ડ દ્વારા જાહેર કરાયેલી પ્રથમ યાદીમાં થોડો ટેકનિકલ સુધારો કરીને પાછળથી મારું નામ જાહેર કરવામાં આવ્યું હતું તે વાત હકીકત છે, પરંતુ તેને ટિકિટ કાપવા કે આંતરિક નારાજગી સાથે કોઈપણ સંબંધ નથી. પક્ષના આ નિર્ણયને સહર્ષ સ્વીકારીને અમે પ્રજાના કાર્યો માટે કટિબદ્ધ બન્યા છીએ.

**શહેરના વર્ષો જૂના ડેમોની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા પણ કાંપ ભરાવાના કારણે ધીમે ધીમે ઘટી રહી છે, જે લાંબા ગાળે ચિંતાનો વિષય બની શકેઃ મેયર**

## ખેડુતોએ કહ્યું, નવો પરિપત્ર ખેડુતના હિતમાં નહીં કંપનીનાં હિતમાં છે !




# કાલથી 23 જિલ્લાના ખેડુતોનું આંદોલન પાર્ટ-3 શરૂ

## સરકારના વીજપોલ વળતર અંગે જાહેર કરાયેલા નવા પરિપત્ર સામે ખેડુતોમાં ભારે અસંતોષ

સિટી ન્યૂઝ@મોરબી

મોરબીના જેતપર ગામે છેલ્લા ૧૯ દિવસથી ચાલી રહેલું ખેડૂતોનું આમરણાંત ઉપવાસ આંદોલન (પાર્ટ ૨) ભલે સમેટી લેવાયું હોય, પરંતુ સરકાર અને ખાનગી વીજ કંપનીઓ સામેની લડત હજુ પૂરી થઈ નથી.

સરકાર દ્વારા વીજપોલના વળતર અંગે જાહેર કરાયેલા નવા પરિપત્ર સામે ખેડૂતોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે, જેને પગલે ખેડૂત આગેવાનોએ હવે 'આંદોલન પાર્ટ ૩' શરૂ કરવાનું એલાન કરી દીધું છે.ખાનગી વીજ કંપનીઓ દ્વારા ખેતરોમાં નાખવામાં આવતા વીજપોલ અને વીજ વાયર સામે પૂરતું અને યોગ્ય વળતર મેળવવાની માંગ સાથે જેતપર ગામના ખેડૂતો છેલ્લા ૧૯ દિવસથી આમરણાંત ઉપવાસ પર બેઠા હતા. સતત ઉપવાસના કારણે ખેડૂતોની તબિયત લથડી રહી હતી અને શારીરિક નુકસાન થાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી.



આ પરિસ્થિતિને ધ્યાને રાખીને, આજે બગથળા નકલંક મંદિરના મહંત દામજી ભગત તેમજ જુદા-જુદા ગામના ખેડૂતો અને સમાજની દીકરીઓના હસ્તે ઉપવાસીઓને પારણા કરાવી આંદોલનનો બીજો તબક્કો (પાર્ટ ૨) પૂર્ણ કરવામાં આવ્યો હતો. જો કે, આ ઉપવાસ છાવણી ખાતેથી જ આગામી લડતની સત્તાવાર જાહેરાત પણ કરી દેવામાં આવી છે.

આંદોલનના અગ્રણી નેહુલભાઈ અમૃતિયાએ સરકારની નીતિઓ પર આકરા પ્રહારો કરતા આંકડાકીય માહિતી રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા વીજપોલના વળતર માટે જે નવી નીતિનો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે, તેનાથી દરેક ખેડૂતને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવું પડશે.

આ નવા પરિપત્ર મુજબ ખાનગી વીજ કંપનીઓ ખેડૂતોને માત્ર લાખો રૂપિયાનું જ વળતર આપીને સંતોષ માની લેશે, જે ખેડૂતો સાથે અન્યાય છે. હાલ પૂરતો જેતપર ગામના તમામ ખેડૂતો દ્વારા સરકારના આ નવા પરિપત્રનો સદંતર અસ્વીકાર કરવામાં આવ્યો છે.

આ અન્યાયી પરિપત્ર સામે હવે રાજ્યવ્યાપી લડત આપવા માટે ખેડૂતો સજ્જ બન્યા છે. આગામી દિવસોનું આયોજનમાં આગામી ૮-૯ જુલાઈ બુધવાર અને ગુરુવારે ગુજરાતના ૨૩ જિલ્લાના ખેડૂત આગેવાનોને મોરબીના જેતપર ગામે આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ બેઠકમાં સરકારના નવા પરિપત્ર મુદ્દે ઊંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરવામાં આવશે અને તેમાં કેવા ફેરફારો કરવાથી ખેડૂતોને મહત્તમ ફાયદો થઈ શકે તે અંગે આયોજન કરાશે. આ બેઠક બાદ એક નવી કમિટીની રચના કરવામાં આવશે, જેમાં ખેડૂતોનું હિત ઈચ્છતા, નિષ્પક્ષ અને પ્રમાણિક આગેવાનોનો સમાવેશ કરાશે. આ કમિટી આગામી દિવસોમાં સરકાર અને ખાનગી વીજ કંપનીઓ સામે આરપારની લડાઈ લડશે.

## અંબાલાલ પટેલની આગાહી હજુ 72 કલાક ભારે

# સૌરાષ્ટ્ર થશે પાણી પાણી હાઈ એલર્ટ જાહેર

## નવસારીમાં અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા આદેશ

### સુરતમાં 8 ઈંચ વરસાદ

### ભાવનગરના ઘોઘામાં 6 ઈંચ વરસાદ

### રાજ્યના 11 ડેમ હાઈએલર્ટ પર

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાતમાં ચોમાસાના આગમન પછી, છેલ્લા બે દિવસથી મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી દીધી છે. રાજ્યમાં એક સાથે પાંચ શક્તિશાળી હવામાન પ્રણાલીઓ સક્રિય થવાને કારણે, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમારાનો પ્રભાવ રહ્યો છે. હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ બંનેએ આગામી ૭૨ કલાક ગુજરાત માટે અત્યંત મહત્વપૂર્ણ અને સાવધાન ગણાવ્યા છે. છેલ્લા ૨-૩ દિવસથી મેઘરાજા તોફાની બેટિંગ કરી રહ્યા છે, આગામી ૨ દિવસ સુધી કોઈ રાહત મળવાની કોઈ આશા નથી. આમ, હવામાન વિભાગ અને અંબાલાલ પટેલ બંનેની આગાહી ગુજરાત માટે ભયાનક અને સતર્ક છે. મેઘરાજાની આ તોફાની ઈનિંગ્સ આગામી દિવસોમાં રાજ્યને પાણીથી ભરી દેવા માટે તૈયાર છે.



હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે પણ આગામી ૭૨ કલાક માટે ચિંતાજનક આગાહી કરી છે. તેમના મતે, આહવા, ડાંગ અને વલસાડમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ભાવનગર અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. વડોદરા, મહિસાગર, પંચમહાલ, સાબરકાંઠા અને અરવલ્લીમાં પણ સારો વરસાદ પડશે. ૧૪ જુલાઈની આસપાસ એક નવી સિસ્ટમ બનશે, જે ૧૬ થી ૨૦ જુલાઈ દરમિયાન વરસાદ લાવશે. ઓગસ્ટ મહિનામાં પણ અણધાર્યો વરસાદ પડવાની શક્યતા છે. જેમાં વલસાડના વાપીમાં સાડા સાત ઈંચ, સુરત શહેરમાં ૫ ઈંચ અને કામરેજમાં ૬ ઈંચ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગના અનુસાર, રાજ્યમાં હાલમાં નીચેની ૫ સિસ્ટમો સક્રિય છે. જેમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ઓફ-શોર ટ્રફ, શીયર ઝોન, લો પ્રેશર (ડિપ્રેશન), અન્ય સંબંધિત સિસ્ટમોનો સમાવેશ થાય છે. આ બધી સિસ્ટમોની સંયુક્ત અસરને કારણે, આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.




- **સૌરાષ્ટ્રમાં મૌસમનો 26.79% વરસાદ**
- **સૌરાષ્ટ્રથી મુંબઈ જતી મોટાભાગની ટ્રેનો રદ્દ**



## કલોલમાં વીજળી પડતા 64 પશુઓના મોત

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મોટી ભોયણ ગામે કુદરતી પ્રકોપને કારણે ગરીબ પશુપાલકો પર આભ તૂટી પડ્યું છે. ગઈકાલે આ વિસ્તારમાં વરસી રહેલા ચોમાસાના વરસાદ વચ્ચે આકાશી વીજળી પડવાની ગમખ્વાર અને કાળજું કંપાવી દે એવી ઘટના બની હતી. આ દુર્ઘટનામાં વિચરતા પશુપાલકોના નાના-મોટા કુલ ૬૪ પશુઓ કાળનો કોળિયો બન્યા હતા. આ ઘટનાના પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને જિલ્લા વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવી ગયું છે. અસરગ્રસ્ત પશુપાલકોને મહેસૂલ વિભાગના નિયમો મુજબ આગામી બે દિવસમાં સહાય ચૂકવવાની સત્તાવાર ખાતરી આપવામાં આવી છે. વિગતો મુજબ, મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના મુળી અને થાનગઢ તાલુકાના રહેવાસી એવા માલધારી પશુપાલકો પોતાના પશુધનને સાથે લઈને લાંબા સમયથી ઘાસચારાની શોધમાં સ્થળાંતર કરી રહ્યા હતા. તેઓ પશુઓ સાથે વિચરતા માત્ર બે દિવસ પહેલા જ કલોલના મોટી ભોયણ ગામે આવી પહોંચ્યા હતા.

## શેત્રુંજી ડેમના 59 ગેટ ખોલાતા ગામડાઓમાં એલર્ટ



ભાવનગર જિલ્લાનો જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ સો ટકા ભરાઈ જતા ૫૯ ગેટ એક ફૂટ છ ઈંચ ખોલવામાં આવ્યા છે ડેમનું રૂટ લેવલ જાળવવા ૫૯ ગેટ એક ફૂટ છ ઈંચ ખોલવામાં આવ્યા અને ૯૪૪૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે પાણી છોડી પાલીતાણા અને તળાજા ના ગામડાઓને એલર્ટ કરી નદીના પટમાં અવરજવર ન કરવા સૂચન કરવામાં આવ્યું છે ત્યારે ખેડૂતો માટે સિંચાઈનું પાણી પૂરું પાડતો શેત્રુંજી ડેમ ઓરવફ્લો થતા જિલ્લાભરના લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે ભાવનગર જિલ્લાનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થયો છે ત્યારે સહેલાણીઓ પણ શેત્રુંજી ડેમ ખાતે નજારો જોવા ઊમટી પડી રહ્યા છે.

**મુંબઈમાં સ્કૂલો બંધ : ગુજરાત-મુંબઈના ટ્રેન વ્યવહાર પર અસર**



# મુંબઈમાં 15 ઈંચ વરસાદ

## કાશ્મીરમાં વાદળ ફાટ્યું ગાડીઓ દબાઈ



**કેરળના વાયનાડમાં ભૂસ્ખલન 2નાં મોત**

**નાસિકમાં વરસાદને કારણે ત્ર્યંબકેશ્વર મંદિરમાં પાણી ભરાતા મંદિર બંધ**



**ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ 75 જિલ્લામાં એલર્ટ**



## ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને દિલ્હી સહિત દેશભરમાં વરસાદ ચાલુ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદને કારણે જનજીવન અસરગ્રસ્ત બન્યું છે. મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીર, કેરળ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી અને ગુજરાતમાં વરસાદી પરિસ્થિતિ ગંભીર બની છે. મુંબઈમાં છેલ્લા બે દિવસમાં ભારે વરસાદ નોંધાયો છે.

મુંબઈમાં વરસાદને કારણે શાળાઓ-કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાતા માર્ગ અને રેલ વ્યવહાર ખોરવાયો છે. ગુજરાત-મુંબઈ વચ્ચેની કેટલીક ટ્રેનો પણ રદ કરવામાં આવી છે. નાસિકમાં ત્ર્યંબકેશ્વર મંદિર પરિસરમાં પાણી ભરાતા મંદિર બંધ રાખવામાં આવ્યું છે. સાપ્તશૃંગી મંદિર પણ સાવચેતીરૂપે બંધ છે. જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં વાદળ ફાટતા કાટમાળ રહેણાંક વિસ્તારોમાં ઘૂસી ગયો હતો, જેના કારણે વાહનોને નુકસાન થયું છે. કેરળના વાયનાડ જિલ્લામાં ભૂસ્ખલન થતાં ૧નું મોત અને પાંચ લોકો ઘાયલ થયા છે. ઉત્તર પ્રદેશના તમામ જિલ્લામાં વરસાદનું એલર્ટ જાહેર કરાયું છે, જ્યારે ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ભારે વરસાદની શક્યતા દર્શાવી લોકોને સાવચેત રહેવા અપીલ કરી છે.

### QR કોડ સ્કેન કરી સ્માર્ટ બોર્ડથી ભણાવવા શિક્ષકો મજબૂર

# એક મહિનો થયો પણ પુસ્તકો નહીં: ધો.9થી 12નાં વિદ્યાર્થીઓ મુંઝવણમાં

### રાજકોટની ચૌધરી હાઈસ્કૂલ સહિતની સ્કૂલોમાં હજુ અનેક પુસ્તકો મળ્યા નથી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૯ થી ૧૨ ના ગુજરાતી મીડીયમના પાઠ્યપુસ્તકો શૈક્ષણિક સત્ર શરૂ થયાના એક મહિના બાદ પણ ન આવતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ધોરણ ૯માં અંગ્રેજી તો ધોરણ ૧૦માં ગુજરાતી અને અંગ્રેજીનું પાઠ્યપુસ્તક હજુ આવ્યુ જ નથી.જ્યારે ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫ વિષયોના પાઠ્યપુસ્તકો ન આવતા શિક્ષકો દુવિધામાં મૂકાઈ ગયા છે કે વિદ્યાર્થીઓને કઈ રીતે ભણાવવું. અગાઉ DEO ના જણાવ્યા પ્રમાણે યુદ્ધની પરિસ્થિતિ વચ્ચે કાગળ મોડા આવતા પાઠ્યપુસ્તકો છાપવામાં મોડું થયું છે પરંતુ શૈક્ષણિક સત્ર શરૂ થયાના એક મહિના બાદ પણ પાઠ્યપુસ્તકો ન આવતા મોટી મુશ્કેલી ઊભી થઈ છે.





### ધો.10 અને 12ના આટલા પુસ્તકો આવ્યા નથી: આચાર્ય જયેશ વસોયા

રાજકોટની એ. એસ. ચૌધરી હાઈસ્કૂલના આચાર્ય ડૉ.જયેશ વસોયાએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્ય માધ્યમિક પાઠ્યપુસ્તક મંડળ દ્વારા મોટાભાગના પુસ્તકો આવી ગયા છે પરંતુ ધોરણ ૯ માં અંગ્રેજી અને ધોરણ ૧૦ માં અંગ્રેજી અને ગુજરાતીના પાઠ્યપુસ્તકો હજુ આવ્યા નથી. આ સિવાય ધોરણ ૧૧ અને ૧૨ના ૪થી ૫ પુસ્તકો મળ્યા નથી. ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહમાં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ભૂગોળ, નામાના મૂળતત્વોના પુસ્તકો બાકી છે જયારે ધોરણ ૧૨ માં ગુજરાતી, અંગ્રેજી, નામના મૂળ તત્વો ભાગ -૨, સમાજશાસ્ત્ર અને વાણિજ્ય વ્યવસ્થા અને અર્થશાસ્ત્રના પુસ્તકો બાકી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હાલ પાઠ્ય પુસ્તકો નથી તેથી અહીં ધોરણ ૯થી ૧૨ માં અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પાઠ્ય પુસ્તકોમાંથી અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ક્યૂ.આર. કોડ સ્કેન કરી સ્માર્ટ બોર્ડની મદદથી વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. જે લિંક વિદ્યાર્થીઓને પણ આપવામાં આવી રહી છે. જેથી વિદ્યાર્થીઓ પોતાના ઘરે બેઠા બેઠા પણ અભ્યાસ કરી શકે છે.તેમણે અંતમાં જણાવ્યું હતું કે, ગઈકાલે પાઠ્યપુસ્તક મંડળ સાથે થયેલી વાતચીત મુજબ બે દિવસમાં પાઠ્યપુસ્તકો મળી જશે તેવી બાંયધરી આપવામાં આવી છે. જેથી થોડા દિવસોમાં વિદ્યાર્થીઓની મુશ્કેલી દૂર થશે. નોંધનીય છે કે, ગત ૮ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું તેના એક મહિના બાદ પણ પુરા પાઠ્યપુસ્તકો ન આવતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સાથે વાલીઓ પણ ચિંતામાં મુકાઈ ગયા છે.

## તંત્રી લેખ

# હેપી બર્થ-ડે રાજકોટ હવે પ્રજા સંકલ્પ લે શહેરને શ્રેષ્ઠ બનાવવાનો !

**શહેરને સ્વચ્છ, હરિયાળું અને સુવ્યવસ્થિત બનાવવામાં દરેક નાગરિકની ભૂમિકા એટલી જ મહત્વપૂર્ણ છે જેટલી તંત્રની છે**



આજે રાજકોટ શહેરનો જન્મદિવસ છે. માત્ર એક શહેરનો નહીં, પરંતુ સંસ્કૃતિ, સંસ્કાર અને વિકાસની જીવંત પરંપરાનો ઉત્સવ છે. સૌરાષ્ટ્રનું હૃદય કહેવાતું રાજકોટ આજે આધુનિકતા અને પરંપરાનો સુંદર સમન્વય બનીને દેશભરમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે.



● તંત્રી ●
અનિરુદ્ધ નકુમ

રાજકોટની ઓળખ તેની ઐતિહાસિક ધરોહર પૂરતી સીમિત નથી. અહીંના લોકોની ઉર્જા, ઉદ્યોગપ્રવૃત્તિ અને જીવંત સ્વભાવ આ શહેરને ખાસ બનાવે છે. મહાત્મા ગાંધીજીના સંસ્કારો સાથે જોડાયેલું આ શહેર આજે શિક્ષણ, ઉદ્યોગ અને ટેકનોલોજીના ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. નાના-મધ્યમ ઉદ્યોગોથી લઈને સ્ટાર્ટઅપ સંસ્કૃતિ સુધી રાજકોટ નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે.

પરંતુ વિકાસ સાથે પડકારો પણ જોડાયેલા છે. વધતી વસતિ, ટ્રાફિકની સમસ્યાઓ, પર્યાવરણનું સંરક્ષણ અને સુવ્યવસ્થિત નગરયોજનાની જરૂરિયાત આજે સમયની માંગ બની છે. શહેરને આગળ વધારવામાં માત્ર નેતાઓ નહીં, પરંતુ દરેક નાગરિકની જવાબદારી એટલી જ મહત્વપૂર્ણ છે.

રાજકોટ રંગીલું શહેર છે. અહીંના લોકો મોજીલા અને ઉત્સાહી છે. જન્મદિવસના આ પ્રસંગે શહેરમાં ઉમંગ અને ગૌરવનો માહોલ છે, પરંતુ આ દિવસ માત્ર ઉજવણી માટે નથી, સંકલ્પ માટે પણ છે.દરેક નાગરિકે ઝાડ વાવેતર કરવાનો સંકલ્પ લેવો જોઈએ, ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ અને શહેરને સ્વચ્છ અને સુવ્યવસ્થિત બનાવવા પોતાનો ફાળો આપવો જોઈએ.

આવો, આજે આપણે સૌ મળીને સંકલ્પ લઈએ કે આપણું રાજકોટ દેશના ટોપ શહેરોમાં સ્થાન મેળવે. વિકાસમાં પણ અને સંસ્કારમાં પણ.

**“હેપી બર્થડે રાજકોટ**




# પેટ્રોલમાં 25% ઈથેનોલ મિક્સ કરવાનો પ્લાન જઈ શકે છે નિષ્ફળ

## હાલમાં 20% ભેળવવામાં આવે છે જેનાથી માઈલેજ ઘટવાનો દાવો, પાર્ટ્સ પણ ખરાબ થવાની ફરિયાદ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

પેટ્રોલમાં ૨૦% ઈથેનોલ ભેળવવાના વિરોધ વચ્ચે તેની માત્રા વધારીને ૨૫% કરવાની યોજનાને સરકાર હાલ પૂરતી આગળ વધારી શકે છે. સરકાર આ સંક્રમણને ઉતાવળમાં કરવાને બદલે ધીમે ધીમે અને વ્યવસ્થિત રીતે લાગુ કરવા માંગે છે.સરકારે શરૂઆતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં પેટ્રોલમાં ૨૦% ઈથેનોલ ભેળવવાની યોજના બનાવી હતી. પરંતુ આ લક્ષ્ય કરતાં ઘણું વહેલું E૨૦ ફ્યુઅલ (૮૦% પેટ્રોલ અને ૨૦% ઈથેનોલ)ને સમગ્ર દેશમાં સ્ટાન્ડર્ડ પેટ્રોલ તરીકે લાગુ કરી દેવામાં આવ્યું છે અને હવે દરેક જગ્યાએ આ જ પેટ્રોલ મળી રહ્યું છે. બીજી તરફ, ઓટોમોટિવ રિસર્ચ એસોસિએશન ઓફ ઈન્ડિયા એટલે કે ARAIના એક અભ્યાસમાં સામે આવ્યું છે કે જૂની E૧૦ કમ્પ્લાયન્ટ ગાડીઓમાં E૨૦ ઈંધણનો ઉપયોગ કરવાથી ફ્યુઅલ સિસ્ટમના રબરના પાર્ટ્સ ખરાબ થઈ શકે છે. જોકે, આ રિપોર્ટને હજુ સુધી સાર્વજનિક કરવામાં આવ્યો નથી.તાજેતરમાં એક પ્રેસ કોન્ફરન્સમાં સરકાર તરફથી સામેલ નિષ્ણાતોએ કહ્યું હતું કે મોટા પાયે થયેલા ટેસ્ટિંગમાં વાહનોને નુકસાન પહોંચાડવાનો કોઈ પુરાવો મળ્યો નથી. સોશિયલ મીડિયા પર વાહનની પરફોર્મન્સને લઈને ચાલી રહેલા દાવાઓ વચ્ચે નિષ્ણાતોએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી.



આ પ્રેસ કોન્ફરન્સમાં એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડના પૂર્વ CMD વર્તિકા શુક્લા ઉપરાંત બજાજ ઓટોના સર્કલ હેડ મનપ્રીત સિંહ, ટીવીએસના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ પ્રશાંત કૃષ્ણન હાજર રહ્યા હતા.તેમની સાથે ટોયોટા કિર્લોસ્કર મોટરના કન્ટ્રી હેડ વિક્રમ ગુલાટી, મારુતિ સુઝુકીના સિનિયર એક્ઝિક્યુટિવ ઓફિસર રાહુલ ભારતી, હ્યુન્ડાઈ ઈન્ડિયાના પુનીત આનંદ અને હીરો મોટોના આશુતોષ વર્મા પણ સામેલ થયા હતા.

E૨૦ ફ્યુઅલના વિરોધ વચ્ચે સરકાર પેટ્રોલમાં ઈથેનોલની માત્રા વધારીને ૨૫% કરવાની યોજનાને હાલ પૂરતી મુલતવી રાખી શકે છે. સરકાર આ સંક્રમણને ઉતાવળમાં કરવાને બદલે ધીમે ધીમે અને વ્યવસ્થિત રીતે લાગુ કરવા માંગે છે. સરકારે શરૂઆતમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં પેટ્રોલમાં ૨૦% ઈથેનોલ ભેળવવાની યોજના બનાવી હતી. પરંતુ આ લક્ષ્ય કરતાં ઘણા સમય પહેલા જ E૨૦ ફ્યુઅલ (૮૦% પેટ્રોલ અને ૨૦% ઈથેનોલ)ને સમગ્ર દેશમાં સ્ટાન્ડર્ડ પેટ્રોલ તરીકે લાગુ કરી દેવામાં આવ્યું છે અને હવે દરેક જગ્યાએ આ જ પેટ્રોલ મળી રહ્યું છે.



## ટ્રાયલ કોર્ટના ચુકાદાને યથાવત રાખતું હાઈકોર્ટનું ઐતિહાસિક જજમેન્ટ

# અમદાવાદ 2008 સિરિયલ બ્લાસ્ટ કેસમાં 50 નિર્દોષોના મોતનો ન્યાય 38 આરોપીને ફાંસી, 11ને આજીવન કેદ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

૨૦૦૮ અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં હાઇકોર્ટે ટ્રાયલ કોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો છે. હાઇકોર્ટે દોષિતોની તમામ અપીલ નકારી ૩૮ આરોપીને ફાંસી અને ૧૧ને આજીવન કેદની સજા યથાવત રાખી છે. સાથે જ તમામ મૃતકોને ૧૦ લાખ, ગંભીર ઈજાગ્રસ્તોને ૫ લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તોને ૧ લાખનું વળતર ૩૧ માર્ચ ૨૦૨૭ સુધી ચૂકવવા આદેશ કરાયો છે. ચુકાદો આવ્યા બાદ કોર્ટ પરિસરમાં બંદોબસ્ત વધારવામાં આવ્યો છે. ક્રાઇમ બ્રાન્ચના ૩ પીઆઈ અને ૨ સ્થાનિક પીઆઇને બંદોબસ્તમાં મૂકવામાં આવ્યા છે.

અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ દેશના ઈતિહાસમાં પહેલીવાર એકસાથે ૩૮ આરોપીઓને ફાંસી અને ૧૧ આરોપીઓને અંતિમ શ્વાસ સુધીની કેદ ફટકારી હતી. ફાંસીની સજાની પુષ્ટિ માટે રાજ્ય સરકારે હાઇકોર્ટમાં અરજી કરી હોય અને ૪૮ આરોપીઓ પણ નીચલી કોર્ટની સજા સામે હાઇકોર્ટ ગયા હતા.

૨૬ જુલાઈ, ૨૦૦૮ના દિવસે અમદાવાદ શહેરના અલગ અલગ ૨૦ સ્થળો પર થયેલા ૨૧ સિરિયલ બ્લાસ્ટમાં ૫૬ નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા જ્યારે ૨૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. મહત્વનું છે કે, અમદાવાદ સેશન્સ કોર્ટે જ્યારે આરોપીઓને સજા આપી ત્યારે મંગળવાર હતો અને આજે હાઇકોર્ટે પણ મંગળવારે ચુકાદો આપ્યો છે.

૨૦૦૮ અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના ચુકાદાને લઈને હાઇકોર્ટમાં વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હાઇકોર્ટમાં તમામ મુલાકાતીઓને બેગ સ્કેન કરીને જ એન્ટ્રી અપાઈ હતી. DCP હર્ષદ પટેલ, સોલા PI, ગુજરાત યુનિવર્સિટી PI સહિતનો ૧૨૦ પોલીસનો સ્ટાફ અને SRP તહેનાત કરાઈ હતી સાથે જ વીડિયોગ્રાફર પણ હાજર હતા. બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્ક્વોડ દ્વારા કોર્ટમાં તપાસ કરાઈ હતી.

૧૮ વર્ષ જૂના બોમ્બ બ્લાસ્ટ કેસનો ચુકાદો આવવાનો હોવાથી હાઇકોર્ટની બહાર સવારથી ડીસીપી, એસીપી, પીઆઇ સહિતના અધિકારીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હાઇકોર્ટના ગેટ પરથી વકીલ સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવી રહ્યો નહોતો. કોર્ટની અંદર પણ અલગ અલગ જગ્યાએ પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચની ટીમ તહેનાત હતી. ૩૯ નંબરની કોર્ટમાં ચુકાદો આવ્યો હતો, જે કોર્ટ રૂમની બહાર પણ ૪૦થી વધુ પોલીસનો બંદોબસ્ત હતો. કોર્ટમાં આવનાર તમામને ચકાસીને પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો.



# રાજકોટમાં બે દિલધડક રેસ્ક્યું

રાજકોટની બાજુમાં આવેલ ઢાઢણી ગામનો બનાવ

## ઊંડા તળાવમાં ડૂબી જતાં યુવકનું મોત



**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજે સવારના સમયે ગઢકા રોડ પર આવેલા ઢાઢણી ગામે બની હતી. સવારે ૯:૪૪ વાગ્યે નાનામૌવા કંટ્રોલ રૂમની ઘંટડી રણકી હતી. ફોનની બીજી તરફથી ગામના સરપંચે અત્યંત ગભરાયેલા અવાજે માહિતી આપી હતી કે, ગામમાં બાબુભાઈ દરબારની વાડીની બાજુમાં આવેલા ઊંડા તળાવમાં એક યુવક ડૂબી ગયો છે. આ ગંભીર સંદેશો મળતા જ કંટ્રોલ રૂમ એક્શનમાં આવ્યો હતો અને તાત્કાલિક કોઠારીયા ફાયર સ્ટેશનની રેસ્ક્યુ ટીમને વિશેષ સાધનો સાથે ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.ફાયરની ટીમ જ્યારે ઘટનાસ્થળે પહોંચી ત્યારે તળાવ કિનારે લોકોના ટોળેટોળા ઉમટેલા હતા. પાણી ઊંડું અને નીચે કાદવનું સામ્રાજ્ય હોવા છતાં, જાંબાઝ જવાનોએ જીવનું જોખમ ખેડીને તળાવના ઘાટા પાણીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ભારે જહેમત અને કલાકોની મથામણ બાદ આખરે યુવકના મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મળી હતી. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે મૃતક યુવકનું નામ શૈલેષભાઈ કીશાભાઈ ઠાકર હતું અને તેની ઉંમર માત્ર ૨૬ વર્ષની હતી. તેના સંબંધીના જણાવ્યા મુજબ તે મૂળ મહેસાણાનો વતની હતો અને અહીં રોજીરોટી માટે આવ્યો હતો.

ફાયર બ્રિગેડ દ્વારા મૃતદેહને સ્થાનિક પોલીસ અને સરપંચની હાજરીમાં સોંપીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. યુવકના અકાળે અવસાનથી ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.





ખોખડદળ ગામે ઊંડા કૂવામાં એક શ્વાન ખાબક્યું

## ઊંડા કુવામાં કુતરું પડતા ફાયરની ટીમે સલામત બહાર કાઢ્યું

### કૂવામાં ખાટલો અને દોરડા ઉતારીને અંદર શ્વાનને બચાવ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જુનાગઢ બાયપાસ નવા રિંગરોડ પર આવેલા ખોખડદળ ગામેથી બીજા એક રેસ્ક્યુનો કોલ મળ્યો હતો. અહીં અવાવરુ અને ઊંડા કૂવામાં એક શ્વાન ખાબક્યું હોવાના સમાચાર મુખ્ય ફાયર સ્ટેશનને મળ્યા હતા. અબોલ જીવ છેલ્લા કેટલાય સમયથી કૂવાની અંદર ભેજવાળી અને અંધારી જગ્યામાં મોત સામે લડી રહ્યો હતો અને બહાર નીકળવા તરફડિયાં મારી રહ્યો હતો. આ અંગે માહિતી મળતા જ મુખ્ય ફાયર સ્ટેશનની ટીમ રેસ્ક્યુ કિટ સાથે ખોખડદર ગામે પહોંચી હતી. જોકે કૂવો ઘણો ઊંડો હોવાને કારણે શ્વાન સુધી પહોંચવું પડકારજનક હતું. ફાયરના જવાનોએ કૂવામાં ખાટલો અને દોરડા ઉતારીને અંદર જવા માટે આખી વ્યૂહરચના બનાવી હતી. એક બહાદુર જવાન કૂવાની અંદર ઉતર્યો હતો. કૂવામાં ફસાયેલું શ્વાન ઘણું ડરી ગયું હોવા છતાં, જવાને ખૂબ જ ધીરજપૂર્વક તેને વિશ્વાસમાં લીધું અને કાળજીપૂર્વક તેને દોરડા વડે બાંધીને ઉપર ખેંચી લીધું હતું. જ્યારે આ શ્વાનને હેમખેમ અને જીવતું બહાર કાઢવામાં આવ્યું ત્યારે ત્યાં હાજર ગ્રામજનોએ ફાયર બ્રિગેડની કામગીરીને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

## સર્વેઃ દેશનું ફૂડ સર્વિસિસ બજાર 8.5 લાખ કરોડ રૂપિયાએ પહોંચ્યું

# બહાર ખાવાનું ઘટ્યું, ઘરે મંગાવવાનું વધ્યુંઃ ‘હોમ ડિલિવરી’નો દબદબો !







**2021થી 2026 વચ્ચે શહેરોમાં ઓડર્સ 30 કરોડથી વધીને 106 કરોડ થયા**

**ઓનલાઈન ડિલિવરીનો હિસ્સો 4% વધીને 11% થયો**

**સિટી ન્યૂઝ@ઉત્તરાખંડ**

ભારતમાં બહાર ખાવા કરતાં વધુ હવે ઘરે મંગાવીને ખાવાનો ક્રેઝ વધી રહ્યો છે. રેડસીર સ્ટ્રેટેજી કન્સલ્ટન્ટ્સના તાજેતરના રિપોર્ટ અનુસાર, દેશનું ફૂડ સર્વિસિસ બજાર હાલમાં ૮.૫ લાખ કરોડ રૂપિયાનું છે, જે ૨૦૩૦ સુધીમાં વધીને લગભગ ૧૪.૩ લાખ કરોડ રૂપિયા થઈ જશે. આ સમગ્ર વૃદ્ધિની સૌથી રસપ્રદ વાત એ છે કે હવે નફો કમાવવા માટે આલીશાન રેસ્ટોરન્ટ ખોલવાની જરૂર રહી નથી.ઓનલાઈન ફૂડ ડિલિવરીની ગતિ ઓફલાઈન કરતાં લગભગ અઢી ગણી વધુ ઝડપી છે.

ક્લાઉડ કિચન મોડેલ (બેસવાની વ્યવસ્થા વિનાનું માત્ર ઓનલાઈન ડિલિવરી આધારિત કિચન) આ સમયે ફૂડ ઈન્ડસ્ટ્રી માટે સૌથી મોટો ગેમ ચેન્જર અને નફાનું મશીન સાબિત થઈ રહ્યું છે.કુલ માર્કેટમાં ઓનલાઈન ડિલિવરીનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૧ના ૪% થી વધીને ૨૦૨૬માં ૧૧% થયો. ૨૦૩૧ સુધીમાં ૧૮% થવાનો અંદાજ છે. નવા ક્લાઉડ કિચન બ્રાન્ડ્સ ૯૦% આવક ઓનલાઈન ચેનલોથી કમાય છે, જ્યારે રેસ્ટોરન્ટ્સ ૫૦% પર જ છે. આ ટ્રેન્ડ નાના શહેરો સુધી પહોંચી ગયો છે. ૨૦૨૧-૨૬ વચ્ચે મેટ્રો શહેરોમાં ઓર્ડર્સ ૩૦ કરોડથી વધીને ૧૦૬ કરોડ થયા, તો વળી ટિયર-૨, નાના શહેરોમાં ૬ કરોડથી ૩ ગણા વધીને ૧૮ કરોડ પહોંચી ગયા છે. મોટા ચા-કોફી બ્રાન્ડ્સનું ગ્રોસ માર્જિન તો ૬૨-૬૭% છે, પરંતુ મોટા સ્ટોર સાઈઝ અને ઊંચા ભાડાને કારણે તેમનો નફો (એબિટા) ૫-૯% પર સીમિત થઈ જાય છે.

અહીં જ ક્લાઉડ કિચન મોડેલ બાજી મારી શકે છે, જો આ જ પ્રીમિયમ ચા-કોફી ક્લાઉડ કિચન મોડેલથી વેચવામાં આવે, તો રેન્ટ કોસ્ટ ઘટતા જ નફો બમણો થઈ શકે છે.

- » સ્નેક્સ-ડેઝર્ટઃ સ્નેક્સનું બજાર ૧.૯ લાખ કરોડ, ડેઝર્ટ/બેવરેજીસનું ૨.૩ લાખ કરોડનું થઈ ગયું છે. શેક્સ, જ્યુસ ડિલિવરીની દ્રષ્ટિએ સાંજના લોકપ્રિય નાસ્તા બની રહ્યા છે.
- » કોફીમાં પ્રીમિયમાઈઝેશનઃ આઉટ-ઓફ-હોમ કોફી માર્કેટ ૨૦૩૦ સુધીમાં ~૩૮ હજાર કરોડનું થશે. આમાં મિડ-સેગમેન્ટ (~૧૦૦-~૨૦૦)ની વૃદ્ધિ સૌથી ઝડપી ૩૫-૪૦% વાર્ષિક છે.
- » પ્રીમિયમ ચાઃ ભલે ચામાં ૯૭% બજાર ~૨૦ થી ઓછી કિંમતવાળી ટપરીનું હોય, પરંતુ ૧૦૦ થી ઉપરની પ્રીમિયમ ચાનો સેગમેન્ટ ૨૦-૨૫% વાર્ષિક દરે વધી રહ્યો છે.



## ઓછી કિંમતની રમત

### રેબેલ ફૂડ્સ અને બેકિંગો જેવા બ્રાન્ડ્સની 3 કડીઓ વાળી સિક્રેટ પ્લેબુક

1. શેયર્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ મોંઘા શોરૂમની જગ્યાએ નાની ગલીઓમાં શેયર્ડ કિચન ખોલવું, જેનાથી ફિક્સ્ડ કોસ્ટ ઘટે છે. જેમ કે રેબેલ ફૂડ્સ, બેકિંગો.
2. ફોકસ્ડ મેન્યુઃ મેન્યુમાં ૫૦ વસ્તુઓ રાખવાને બદલે માત્ર પસંદગીની વસ્તુઓ રાખવી. આનાથી કાચા માલનો બગાડ અટકે છે અને કિચનની સ્પીડ વધે છે. જેમ કે ધ બેલ્જિયન વેફલ.
3. પ્રીમિયમ પોઝિશનિંગઃ હેલ્ધી અથવા પ્રીમિયમ કેટેગરીઝમાં પોતાને ઢાળવું, જેથી ગ્રાહક ઊંચી કિંમત ચૂકવવા તૈયાર થઈ જાય.



## ફૂડ ડિલિવરીઃ નાના શહેરોમાં 3 ગણા વધ્યા ઓર્ડર્સ; ક્લાઉડ કિચનની 90% કમાણી ઓનલાઈનથી




### સિંહ પ્રેમી જયદીપ ઓડેદરાએ કહ્યું સિંહ જંગલમાં ઓછા અને રેવન્યુ વિસ્તારોમાં વધુ છે

# રીલ્સ અને લાયન શોનો કહેર ગીરના સિંહો બન્યા આક્રમક, હુમલા વધ્યા

## રીલ્સનો શોખ બની રહ્યો છે ખતરો

સિંહ મારણ પર હોય ત્યારે કેટલાક લોકો વીડિયો અને સોશિયલ મીડિયા રીલ્સ બનાવવા માટે તેની નજીક પહોંચી જાય છે, હોબાળો મચાવે છે અને તેને ઉશ્કેરે છે. આવા કૃત્યોને કારણે સિંહ અસ્વસ્થ બને છે અને ઘણી વખત વળતો હુમલો કરે છે. નિષ્ણાતો આવા લોકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે.

## સિંહ માણસનો શિકાર કરવા નથી નીકળતો

વન્યજીવ નિષ્ણાતોના જણાવ્યા મુજબ, સિંહ સ્વભાવથી માણસનો શિકાર કરતો નથી. મોટાભાગે જ્યારે માણસ અજાણતા તેના મારણની નજીક પહોંચી જાય, સિંહને ઉશ્કેરવામાં આવે અથવા તે સંછેડાયેલો હોય ત્યારે જ હુમલાની ઘટના બને છે. નિષ્ણાતોનું માનવું છે કે સાવચેતી અને યોગ્ય વન્યજીવ વ્યવસ્થાપનથી આવા બનાવો ઘટાડી શકાય છે.

**સિટી ન્યૂઝ@ગીર સોમનાથ**

ગીર પૂર્વ અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી માનવ અને સિંહો વચ્ચેના સંઘર્ષની ઘટનાઓમાં ચિંતાજનક ઉછાળો આવ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે વન્યજીવ પ્રેમીઓ અને તબીબી નિષ્ણાતો દ્વારા વન વિભાગની કામગીરી તેમજ ગીરમાં વધી રહેલા માનવીય દખલ પર આકરા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. વન વિસ્તારની બહાર સિંહોના વસવાટમાં થયેલો ફેરફાર અને સ્થાનિક સ્તરે સોશિયલ મીડિયાની ઘેલછાને કારણે આખી વન્યજીવ સૃષ્ટિ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.સ્થાનિક સ્તરે વન વિભાગની કામગીરી સામે ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે કે ગીર પૂર્વ ડિવિઝનમાં હુમલા વધવા પાછળ સિંહોની વસ્તી વધારો તો જવાબદાર છે જ, પરંતુ તેનાથી પણ વધુ જવાબદાર વન વિભાગની નબળી મેનેજમેન્ટ વ્યવસ્થા છે. સિંહ પ્રેમી જયદીપ ઓડેદરાએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણથી ચાર મહિના અને વ્યાપક રીતે જોઈએ તો છેલ્લા ત્રણ-ચાર વર્ષોમાં માનવ અને સિંહ વચ્ચેના ઘર્ષણના બનાવો ખૂબ જ વધી ગયા છે, જે મુખ્યત્વે ગીર ઈસ્ટ ડિવિઝનમાં જોવા મળી રહ્યા છે. સિંહોની સંખ્યામાં સો ટકા વધારો થયો છે, પરંતુ સિંહો અત્યારે કુદરતી જંગલ વિસ્તારના બદલે રેવન્યુ વિસ્તારોમાં વધુ છે અને જંગલમાં ઓછા છે, જેના કારણે માનવીઓ સાથેનો ઘર્ષણ અનિવાર્ય બન્યો છે. આ વિસ્તારોમાં રહેતા કેટલાક સ્થાનિક અસામાજિક તત્વો વીડિયો અને સોશિયલ મીડિયા રીલ્સ બનાવવાની ઘેલછામાં સિંહો જ્યારે મારણ પર હોય ત્યારે તેમની પાછળ પડીને હોબાળો મચાવે છે અને તેમને ભારે પજવણી કરે છે.



## સિંહોના હુમલા પાછળના મુખ્ય કારણો

- કુદરતી રહેણાંકમાં માનવીય દખલ
- ગેરકાયદેસર લાયન શો અને રીલ્સનો ટ્રેન્ડ
- જંગલ બહાર વધતી સિંહોની અવરજવર
- મારણ ખસેડવાની ખામીયુક્ત પદ્ધતિ
- માનવ અને સિંહ વચ્ચેનું વધતું ઘર્ષણ
- રેવન્યુ વિસ્તારમાં સરળતાથી મળતો ખોરાક
- સિંહોને ઉશ્કેરતી માનવીય પ્રવૃત્તિઓ
- જંગલમાં મોનિટરિંગ અને વ્યવસ્થાપનની ખામીઓ

# માલધારીને આંટીથી જકડનારો સિંહ લાપતા...





## 24 કલાકથી કોઈ પતો નથી, વરસતા વરસાદમાં વન વિભાગની ટીમ મેદાને

### રેસ્કયૂ ટીમની કામગીરીમાં શું-શું સામેલ હોય છે?

વન્યપ્રાણીઓના રેસ્ક્યૂ દરમિયાન માત્ર પ્રાણીને પકડવાની કામગીરી જ નહીં, પરંતુ અનેક પ્રકારની ફિલ્ડ લેવલની જવાબદારીઓ નિભાવવામાં આવે છે. રેસ્ક્યૂ ટીમ દ્વારા ઘાયલ અથવા બીમાર વન્યપ્રાણીઓની શોધખોળ, અવલોકન અને સ્થળ પર સતત મોનિટરિંગ કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ વેટરનરી ડૉક્ટર દ્વારા સારવાર, ટ્રેન્ક્વિલાઇઝ (બેભાન) કરવાની પ્રક્રિયા અને આરોગ્ય તપાસ કરવામાં આવે છે.

**સિટી ન્યૂઝ@ભાવનગર**

ભાવનગરના પાલિતાણા તાલુકામાં ગરાજીયા ગામે સિંહણે માલધારી યુવાનને પગની આંટી મારી જકડી લીધો હતો. સવારે ૮ વાગ્યાના અરસામાં બનેલી ઘટનામાં મારણ છીનવાઈ જતા હિંસક બનેલી સિંહે માલધારી કાળુભાઈ પરમાર ઉપર હુમલો કર્યો હતો. આશરે 30 મિનિટ સુધી જીવસટોસટની બાજી બાદ માલધારીએ ધીરજપૂર્વક સિંહ પર હાથ ફેરવીને પોતાનો જીવ બચાવ્યો હતો. ત્યાર બાદ સિંહ જંગલ વિસ્તારમાં ચાલ્યો ગયો હતો.

આ ઘટના બાદ વન વિભાગમાં દોડધામ મચી હતી અને ૬ જુલાઈના ૧૧ વાગ્યા આસપાસ સાવજને શોધવા ટીમોને જંગલમાં મોકલી હતી. વન વિભાગ ચાલુ વરસાદમાં છેલ્લા ૨૪ કલાકથી સિંહની શોધ કરી રહી છે. જો કે હજુ પણ હાથમાં આવ્યો નથી.

પાલિતાણા વન વિભાગ દ્વારા ૨૫થી વધુ અધિકારી અને કર્મચારીની અલગ-અલગ ટીમો બનાવી સઘન કોમ્બિંગ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યવાહીમાં રેપિડ એક્શન ટીમ, રેસ્ક્યુ ટીમ, વન્યજીવ રેન્જ સ્ટાફ તેમજ વેટરનરી ડૉક્ટરની વિશેષ ટીમ સતત કાર્યરત છે. સિંહને સુરક્ષિત રીતે પકડવા માટે ટ્રેન્ક્વિલાઈઝર ગન, ટ્રેપ કેજ, રિંગ કેજ અને ભીડો કેજ સહિતના જરૂરી સાધનો સાથે અનુભવી રેસ્ક્યુ ટ્રેકર્સની ટીમ સતત વિસ્તારનું સ્કેનિંગ કરી રહી છે.

વન વિભાગના જણાવ્યા મુજબ સિંહ સોનપરી ગામના રેવન્યુ ડુંગર વિસ્તારમાંથી નીકળી ગરાજીયા ગામના રેવન્યુ વિસ્તાર થઈ શેત્રુંજી ડુંગર અનામત જંગલ તરફ જવાના માર્ગ પર જોવા મળ્યો હતો. હાલમાં ગરાજીયા, જીવાપર, સોનપરી અને થોરાળી ગામોના રેવન્યુ વિસ્તારમાં સિંહની મૂવમેન્ટ નોંધાઈ રહી છે. વન વિભાગ દ્વારા લોકોને અફવાઓથી દૂર રહેવા, સાવચેત રહેવા અને સિંહ દેખાય તો તાત્કાલિક વન વિભાગને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

# ન્યારા મારામારી, હત્યાના પ્રયાસ અને લૂંટ કેસમાં બે આરોપીઓને નિયમિત જામીન

## ટ્રાયલ પહેલાં લાંબા સમય સુધી કસ્ટડીમાં રાખવું પ્રી-ટ્રાયલ સજા સમાન : એડવોકેટ સુરેશ ફળદુ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

પડધરી તાલુકાના ન્યારા ગામે નોંધાયેલા સામસામેની મારામારી, હત્યાના પ્રયાસ અને લૂંટના ચકચારી કેસમાં રાજકોટ સેશન્સ કોર્ટે બે આરોપીઓને નિયમિત જામીન મંજૂર કર્યા છે. આરોપી મનોજ નાથાભાઈ મકવાણા અને સમીર નરેન્દ્રભાઈ ગોહેલને મહેસૂલ એડિશનલ સેશન્સ જજે શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

કેસ મુજબ ન્યારા ગામના અરવિંદ કેશુભાઈ વધેરાએ નોંધાવેલી ફરિયાદમાં યશ મકવાણા, સમીર ગોહેલ, પૃથ્વીરાજ પરમાર, મનોજ મકવાણા, દિલીપ સોહેલિયા સહિત અન્ય સામે ગેરકાયદે મંડળી રચી લાકડી, પાઈપ અને છરી જેવા હથિયારોથી હુમલો કરી હત્યાના પ્રયાસ, લૂંટ અને અન્ય ગંભીર ગુનાઓ આચર્યાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

જામીન અરજી દરમિયાન આરોપીઓ તરફથી એડવોકેટ સુરેશ ફળદુએ દલીલ કરી હતી કે અરજદારો પોતે હુમલાનો ભોગ બન્યા હોવા છતાં તેમને ખોટી રીતે કેસમાં સંડોવવામાં આવ્યા છે. પોલીસ કસ્ટડી દરમિયાન બળજબરીથી ગુનાની કબૂલાત કરાવવા મારપીટ કરવામાં આવી હોવાની રજૂઆત પણ કોર્ટ સમક્ષ કરવામાં આવી હતી. બચાવ પક્ષે વધુમાં દલીલ કરી હતી કે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાંથી રજા મળી ચૂકી છે અને તપાસ માટે આરોપીઓની વધુ કસ્ટોડિયલ પૂછપરછની જરૂર નથી.



એડવોકેટ સુરેશ ફળદુ

સરકાર પક્ષ તથા મૂળ ફરિયાદી તરફથી જામીનનો વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે, બંને પક્ષોની દલીલો, કેસના દસ્તાવેજો, તપાસ અધિકારીનું સોગંદનામું તેમજ રજૂ થયેલા પુરાવાઓ ધ્યાનમાં લીધા બાદ કોર્ટે નોંધ્યું કે 'જામીન એ નિયમ છે અને જેલ અપવાદ'ના સિદ્ધાંતને ધ્યાનમાં રાખી, ટ્રાયલ પહેલાં લાંબા સમય સુધી આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં રાખવું પ્રી-ટ્રાયલ સજા સમાન ગણાય.

કોર્ટે કેસની પરિસ્થિતિ, આરોપીઓની ભૂમિકા, તપાસની સ્થિતિ અને રજૂ થયેલા દસ્તાવેજોના આધારે બંને આરોપીઓને નિયમિત જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

ઉપરોકત કામમા આરોપીઓ વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, યુવરાજ વેકરીયા, જસ્મીન દુધાગરા, ભાવીન ખુંટ, જય પીઠવા, સાહીલ કંટારીયા તથા મદદમા નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયેલ હતા.

### પહેલા દારૂ પીવડાવી છત પરથી ધક્કો માર્યો હતો

# પત્નીએ પતિને ડ્રિપમાં ટોયલેટ ક્લીનર નાંખીને મારી નાંખ્યો



## એક્સ્ટ્રા મેરિટલ અફેરમાં પ્રેમી સાથે મળીને કાવતરૂ રચ્યું

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

તેલંગાણામાં એક નર્સે તેના પ્રેમી સાથે મળીને ૩૫ વર્ષના પતિની હત્યા કરી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર, મહિલાએ ૩૦ જૂને પતિને છત પરથી ધક્કો મારીને મારવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે તે બચી ગયો, ત્યારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેની નસમાં લાગેલી ડ્રિપમાં ટોયલેટ ક્લીનર ઇન્જેક્ટ કરી દીધું, જેના કારણે તેનું મૃત્યુ થયું.

પોલીસે આ મામલે આરોપી મહિલા ૩૨ વર્ષની સંધ્યા, તેના પ્રેમી અનિલ અને તેના મિત્ર વેંકટ સાઈની ધરપકડ કરી છે. તપાસ એજન્સીઓનો દાવો છે કે આ હત્યા પૂર્વ આયોજિત ષડયંત્રનો ભાગ હતી, જેનું કારણ સંધ્યાનું એક્સ્ટ્રા મેરિટલ અફેર હતું. આ આખી ઘટના નિઝામાબાદ જિલ્લાના મોપાલ મંડલના ન્યાલાકલ ગામની છે. આના સમાચાર સોમવારે સામે આવ્યા. પોલીસના જણાવ્યા અનુસાર, પ્રશાંત તાજેતરમાં ખાડી દેશમાંથી પાછો ફર્યો હતો. તે કયા દેશમાં હતો તેની માહિતી મળી નથી. પાછા ફર્યા પછી તેને સંધ્યાના અફેર વિશે ખબર પડી તો તેમનામાં ઝઘડા થવા લાગ્યા.

૩૦ જૂને ત્રણેય આરોપીઓએ પ્રશાંતને પહેલા ખૂબ દારૂ પીવડાવ્યો. પછી મારપીટ કરીને ઘરની છત પરથી નીચે ધક્કો મારી દીધો. જોકે, ગંભીર ઈજાઓ છતાં પ્રશાંતનો જીવ બચી ગયો. આરોપીઓએ એવું કહીને તેને હોસ્પિટલ પહોંચાડ્યો કે તે નશાની હાલતમાં જાતે જ નીચે પડી ગયો હતો.

તપાસમાં સામે આવ્યું કે સંધ્યા એક ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરી ચૂકી છે. પોલીસનો આરોપ છે કે તેણે



પોતાના મેડિકલ નોલેજનો ઉપયોગ કરીને સારવાર દરમિયાન પતિની ડ્રિપમાં ટોયલેટ ક્લીનર અને એનેસ્થેસિયા ઈન્જેક્ટ કરી દીધું. પ્રશાંતના મૃત્યુ બાદ તેમની માતાને ઘટના પર શંકા થઈ. તેમણે ૧ જુલાઈના રોજ પોલીસમાં ફરિયાદ નોંધાવી. તપાસ દરમિયાન પોલીસે ત્રણેય આરોપીઓની પૂછપરછ કરી, જેમાં ષડયંત્રનો ખુલાસો થયો. અસલી રહસ્ય ત્યારે ખુલ્યું જ્યારે મૃતદેહનું પોસ્ટમોર્ટમ થયું. પોલીસની પૂછપરછમાં સંધ્યાએ બધી જ હકીકત જણાવી દીધી.

પોલીસે પત્ની સંધ્યા અને તેના પ્રેમીને કસ્ટડીમાં લીધા. પોલીસના જણાવ્યા અનુસાર, પૂછપરછમાં વેંકટ સાઈએ પણ પ્રથમ હત્યાના પ્રયાસમાં પોતાની ભૂમિકા સ્વીકારી છે. પોલીસે સંધ્યા, અનિલ અને વેંકટ સાઈની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યા, જ્યાંથી તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા. પોલીસ સમગ્ર ઘટનાક્રમની તપાસ કરી રહી છે.





### ઇલુ-ઇલુ ભારે પડયું

# કોન્સ્ટેબલ અને મહિલા કોન્સ્ટેબલનું એક રૂમમાંથી ઝડપાયા : પત્નીએ પતિને ઢીબી નાંખ્યો

**સિટી ન્યૂઝ@હમીરપુર**

ઉત્તર પ્રદેશના હમીરપુર જિલ્લામાં એક મહિલા કોન્સ્ટેબલના ભાડાના મકાનમાં પરિણીત કોન્સ્ટેબલ પોતાની પત્નીના હાથે ઝડપાઈ ગયો હતો. આ દરમિયાન પત્નીએ પતિની સાથે મારપીટ કરી હતી. બાદમાં પોલીસ બંનેને પોલીસ સ્ટેશન લઈ ગઈ. હાલ આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ પત્નીએ મહિલા કોન્સ્ટેબલ સામે કાર્યવાહી કરવાની માગ કરી છે.

મળતી માહિતી મુજબ, પ્રતાપગઢ જિલ્લાના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી એક મહિલા કોન્સ્ટેબલ અને તે જ જિલ્લામાં નિયુક્ત એક પરિણીત કોન્સ્ટેબલ વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. કોન્સ્ટેબલ પરિણીત છે અને તેને ત્રણ મહિનાની એક દીકરી પણ છે. બીજી તરફ મહિલા કોન્સ્ટેબલના અગાઉ બે લગ્ન થઈ ચૂક્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં એક પતિનું અવસાન થયું હતું, જ્યારે બીજા પતિ સાથે છૂટાછેડાની પ્રક્રિયા ચાલી રહી છે. ઉપરાંત તેના વિરુદ્ધ એક યુવકે શારીરિક શોષણનો કેસ પણ નોંધાવ્યો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

કોન્સ્ટેબલની પત્નીની મોટી બહેનના જણાવ્યા મુજબ, બંને વચ્ચેના સંબંધોની જાણકારી પ્રતાપગઢના પોલીસ અધિકારીઓ સુધી પહોંચી હતી. ત્યારબાદ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો અને મહિલા કોન્સ્ટેબલને ચેતવણી આપવામાં આવી હતી. આક્ષેપ છે કે સસ્પેન્શન દરમિયાન પણ કોન્સ્ટેબલ મહિલા કોન્સ્ટેબલ સાથે પ્રતાપગઢ પોલીસ



લાઇનમાં સમય વિતાવતો હતો. આ અંગે ફરી ફરિયાદ થતાં મહિલા કોન્સ્ટેબલની બદલી હમીરપુર કરવામાં આવી હતી. હાલમાં તે હમીરપુર પોલીસ લાઇનમાં ફરજ બજાવે છે અને શહેરના એક વિસ્તારમાં ભાડાના મકાનમાં રહે છે. પરિવારના જણાવ્યા મુજબ, મહિલા કોન્સ્ટેબલ ૨૩ જૂને હમીરપુરમાં ફરજ પર હાજર થઈ હતી. ત્યારથી પરિણીત કોન્સ્ટેબલ પણ તેની સાથે રહેતો હતો. જે ભાડાના મકાનમાં મહિલા કોન્સ્ટેબલ રહેતી હતી ત્યાં તેણે આ કોન્સ્ટેબલને પોતાનો પતિ હોવાનું જણાવ્યું હતું.

૩ જુલાઈની મોડી રાત્રે કોન્સ્ટેબલની પત્ની, તેની મોટી બહેન તથા પરિવારના અન્ય સભ્યો પોલીસને સાથે લઈને વહેલી સવારે આશરે ૩ વાગ્યે મહિલા કોન્સ્ટેબલના ભાડાના મકાન પર પહોંચ્યા હતા. ત્યાં બંને એક જ રૂમમાં મળી આવતાં પત્ની ગુસ્સે ભરાઈ ગઈ હતી અને તેણે પતિની મારપીટ શરૂ કરી હતી. સ્થળ પર હાજર પોલીસકર્મીઓએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો અને તમામને પોલીસ સ્ટેશન લઈ જવાયા હતા. જોકે, અત્યાર સુધી આ મામલે કોઈ સત્તાવાર ગુનો નોંધાયો નથી. પત્નીએ મહિલા કોન્સ્ટેબલ સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

## કેતન અગ્રવાલ હત્યા કેસમાં ચોંકાવનારો ખૂલાસો

# સિયા-ચેતનને ચાર મહિના પહેલા જ કર્યા ગુપ્ત લગ્ન !



# કેતનના મર્ડર માટે સિયાએ રાજા રઘુવંશી કેશ વાંચ્યો

### મોબાઈલ સર્ચ ઈસ્ટ્રીમાંથી ખુલ્યું સિક્રેટ

પુણેના લોહગઢમાં કેતન અગ્રવાલ હત્યાકાંડની તપાસમાં જાણવા મળ્યું છે કે મુખ્ય આરોપી સિયા ગોયલે ઘટના પહેલાં ઈન્ટરનેટ પર ઈન્દોરના રાજા રઘુવંશી હત્યાકાંડની માહિતી એકઠી કરી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, સિયાએ ઈન્ટરનેટ પર એ પણ સર્ચ કર્યું હતું કે શું પોલીસ કસ્ટડીમાં મહિલાઓ સાથે મારપીટ થાય છે. આ સંપૂર્ણ માહિતી સિયાના બંને મોબાઈલની સર્ચ હિસ્ટ્રીમાંથી મળી.પોલીસ ૨ દિવસ પહેલાં સિયાને તેના ઘરે લઈ ગઈ હતી, જ્યાં તેના બેડરૂમમાંથી બીજો મોબાઈલ પણ જપ્ત કર્યો છે. ઘટનાના દિવસના કેટલાક પ્રત્યક્ષદર્શીઓ પણ મળ્યા છે, જેમના નિવેદનો તપાસને વધુ મજબૂત કરી રહ્યા છે.સિયા ગોયલના પિતાએ તે દાવાઓને નકારી કાઢ્યા છે કે તેણે મીડિયા તરફ કોઈ અશ્લીલ ઈશારો કર્યો હતો; તેમનું કહેવું છે કે વાયરલ વીડિયોનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો. તેમના મતે, કાનૂની ઔપચારિકતાઓ માટે પોલીસ જ્યારે સિયાને ઘરે લાવી રહી હતી, ત્યારે કારનો દરવાજો બંધ થવાથી તેની બે આંગળીઓ ઘાયલ થઈ ગઈ હતી અને તે ફક્ત પોતાનો ઘાયલ હાથ બતાવી રહી હતી.તેમણે એવો પણ દાવો કર્યો કે તે સમયે હાજર પોલીસકર્મીઓ દ્વારા આ ઈજાઓની પુષ્ટિ કરી શકાય છે.



**સિટી ન્યૂઝ@ઉત્તરાખંડ**

કેતન અગ્રવાલ હત્યા કેસમાં વધુ એક ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. પોલીસને જાણવા મળ્યું છે કે સિયા ગોયલ અને ચેતન ચૌધરીએ ચાર મહિના પહેલા ગુપ્ત રીતે લગ્ન કર્યા હતા. પોલીસે તેમના હાથમાં આવેલા વોટ્સએપ ચેટના આધારે આ દાવો કર્યો છે. ૧૮ જૂનના રોજ લોહગઢથી ધક્કો મારીને કેતન અગ્રવાલની હત્યા કરવામાં આવી હતી. કેતનની થનારી પત્ની સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરી બંનેની પોલીસે ધરપકડ કરી છે. પોલીસ સિયા ગોયલને તેના ઘરે લઈ ગઈ હતી અને બીજો મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. મોબાઈલ ફોનમાં ચેટ, કોલ રેકોર્ડ, લોકેશન અને ઈન્ટરનેટ સર્ચ હિસ્ટ્રીના આધારે, પોલીસને ચોંકાવનારી માહિતી મળી છે. પોલીસે બંનેની ડિજિટલ કુંડળી પણ શોધી કાઢી છે. તેમાંથી પોલીસને કેટલાક મહત્વપૂર્ણ રેકોર્ડ્સ મળ્યા છે. પોલીસનો અંદાજ છે કે સિયા ગોયલ અને ચેતન ચૌધરીએ ચાર મહિના પહેલા જ ગુપ્ત રીતે લગ્ન કર્યા હતા. ૧૯ ફેબ્રુઆરીના રોજ સિયા અને કેતનની સગાઈ ખૂબ જ ધામધૂમથી થઈ હતી. દાવો કરવામાં આવી રહ્યો છે કે સિયા-ચેતનના આ લગ્ન પરિવારથી છુપાવીને કરવામાં આવ્યા હતા. જોકે કેટલીક ઘટનાઓને જોતા પરિવારના કેટલાક સભ્યોને તેની જાણ હોવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સિયા અને ચેતન મિત્રો બન્યા અને પછીથી પ્રેમમાં પડ્યા. બંને રાજસ્થાન ફરવા પણ ગયા હતા. સૂત્રો અનુસાર બંને ઉદયપુર અને જોધપુર ફરવા ગયા હતા. તેમના મિત્રોએ બંનેને સાથે જોયા હતા. બંનેએ તેમના મિત્રોને લગ્ન કરવા અને રાજસ્થાનમાં સ્થાયી થવા વિશે પણ કહ્યું હતું. ચેતન સિયાને મારવાડી મહિલાઓના પોશાક અને રાજસ્થાની સંસ્કૃતિ વિશે માહિતી આપી રહ્યો હતો. તે વીડિયો અને રીલ્સ બતાવી રહ્યો હતો. લગ્ન પછી, બંને પુણે છોડીને ઉદયપુર અથવા જોધપુરમાં સ્થાયી થવા માંગતા હતા. જો કે બંને હાલમાં ન્યાયિક કસ્ટડીમાં છે.

ફોરેન્સિક રિપોર્ટ આવ્યા પછી ઘણી બાબતો સામે આવશે અને પોલીસ તપાસ હજુ મજબૂત બનશે. સિયા અને કેતનના લગ્ન નવેમ્બર ૨૦૨૬માં થવાના હતા. નવેમ્બર ૨૦૨૬માં સિયા અને કેતનના લગ્ન થવાના હતા. સિયા સાથે સુખી જીવનના સપના જોનાર કેતનને ક્યારેય અંદાજ નહોતો કે તે જ તેની હત્યાની આરોપી બની જશે. પોલીસના જણાવ્યા મુજબ, ૧૮ જૂને ચેતન અને સિયાએ તેને લોહગઢ કિલ્લા પરથી ધક્કો મારી દીધો હતો.

### 5 દિવસમાં માત્ર 86 હજારને દર્શનન લાભ મળ્યો

# અમરનાથ ગુફાનું શિવલિંગ પીગળી ગયું

**» આ વખતે 3 લાખથી વધુ ભક્તો દર્શનથી વંચિત રહેશે**

**સિટી ન્યૂઝ@જમ્મુ-કાશ્મીર**



અમરનાથ ગુફામાં કુદરતી બરફનું શિવલિંગ લગભગ સંપૂર્ણપણે પીગળી ગયું છે. હજુ યાત્રાના પાંચ દિવસ જ વીત્યા છે. ૫૭ દિવસ ચાલનારી યાત્રા ૩ જુલાઈથી શરૂ થઈ હતી. યાત્રાના પહેલા ચાર દિવસમાં લગભગ ૮૬ હજાર શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફામાં દર્શન કર્યા. અધિકારીઓના મતે, મંગળવારે પાંચમા દિવસે આ સંખ્યા ૧ લાખને પાર પહોંચવાની આશા છે.

યાત્રા માટે આ વર્ષે ૪ લાખ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. એટલે કે હજુ ૩ લાખથી વધુ શ્રદ્ધાળુઓના દર્શન કરવા બાકી છે.

૨૩ મેના રોજ BSFના જવાનોએ જે તસવીર જાહેર કરી હતી, તેમાં શિવલિંગનું કદ લગભગ ૭ ફૂટ હતું. ૨૯ જૂને પ્રથમ પૂજાના દિવસે પણ હિમલિંગની ઊંચાઈ ૫ ફૂટથી વધુ હતી. ૬ જુલાઈએ સામે આવેલી તસવીરમાં હિમલિંગ લગભગ ૯૦% ગાયબ થઈ ચૂક્યું છે. ૪૮ કિમી લાંબા નૂનવાન-પહેલગામ રૂટ અને ૧૪ કિમીના નાના પણ મુશ્કેલ બાલતાલ રૂટ પરથી સતત યાત્રીઓ દર્શન માટે પહોંચી રહ્યા છે. યાત્રા ૨૮ ઓગસ્ટે રક્ષાબંધનના દિવસે પૂરી થશે. અમરનાથનું હિમ શિવલિંગ કોઈ બરફના બ્લોકને કોતરીને બનાવવામાં આવતું નથી, પરંતુ તે કુદરતી આઈસ સ્ટેલેગ્માઈટ છે. જેમ ચૂનાના પથ્થરની ગુફાઓમાં જમીનમાંથી ખનિજ જમા થઈને સ્ટેલેગ્માઈટ બને છે, તેવી જ રીતે અમરનાથ ગુફામાં છત પરથી ટપકતું પાણી જામીને બરફનું શિવલિંગ બનાવે છે. તેનો આકાર દર વર્ષે હવામાન, તાપમાન અને પાણીની ઉપલબ્ધતા અનુસાર અલગ-અલગ હોય છે. આ જ તેની સૌથી અનોખી વિશેષતા છે.

### બંગાળમાં ગેંગરેપ : જીવતી બાળકીને તળાવમાં ફેંકી હતી

# મુખ્ય આરોપી સહિત 3ની ધરપકડ






**સિટી ન્યૂઝ@કોલકાત્તા**

બંગાળ પોલીસે સોમવારે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના બારુઈપુરમાં ૧૨ વર્ષની બાળકીના બળાત્કાર અને હત્યાના કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આરોપીની ઓળખ આનંદ સરદાર તરીકે થઈ છે. પોલીસે સર્ચ ઓપરેશન ચલાવીને તેને શહેરના બજાર વિસ્તારમાંથી પકડ્યો. આ સાથે જ કેસમાં ધરપકડ કરાયેલા લોકોની સંખ્યા ત્રણ થઈ ગઈ છે. કેસની તપાસ માટે ૬ લોકોની SIT બનાવવામાં આવી છે. માસૂમ ૪ જુલાઈએ ગુમ થઈ હતી. પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે માસૂમ તેની મિત્ર માટે ગિફ્ટ લેવા નીકળી હતી. જ્યારે બાળકી ઘરે પરત ન ફરી, ત્યારે પરિવારે પોલીસમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી. બાદમાં રવિવારે તેની લાશ સૂર્યપુર હાટ વિસ્તારના તળાવમાંથી મળી હતી. તેના માથા પર ઈજાના નિશાન હતા.

પોસ્ટમોર્ટમમાં પણ આ વાતનો ખુલાસો થયો છે કે આરોપીઓએ બળાત્કાર કર્યા બાદ તેને જીવતી જ તળાવમાં ફેંકી દીધી હતી. તેના ફેફસાં અને પેટમાં પાણી મળ્યું. ડૂબી જવા અને વધુ પડતા રક્તસ્રાવને કારણે તેનું મૃત્યુ થયું. આ પહેલા રવિવારે છોકરીનો મૃતદેહ મળ્યાના તરત જ બાદ, ભીડે એક વ્યક્તિને માર મારીને હત્યા કરી દીધી, જેના પર છોકરીના રેપ અને મર્ડરમાં સામેલ હોવાની શંકા હતી. તેની ઓળખ ઇન્દ્રજીત તાંતી તરીકે થઈ હતી. પોલીસે વિસ્તારના CCTV ફૂટેજની પણ તપાસ કરી, જેમાં છોકરીને ચાર લોકો લઈ જતા દેખાયા છે. પોલીસ આ ચારેયની ઓળખ પાકી કરવામાં લાગી ગઈ છે. પોલીસે જણાવ્યું કે પ્રાથમિક પોસ્ટમોર્ટમમાં છોકરીના પ્રાઈવેટ પાર્ટ્સ પર ઈજાના નિશાન અને શરીરના અલગ-અલગ ભાગો પર ઉઝરડા અને કરડવાના નિશાન મળ્યા છે.



# ગોલ્ડન ટેમ્પલમાં નિકર પહેલી પહોંચ્યું વિદેશી કપલ

### દરવાજે રોક્યા : પહેલા પૂરા કપડા પહેરો

**સિટી ન્યૂઝ@અમૃતસર**

અમૃતસરમાં ગોલ્ડન ટેમ્પલમાં નિકર પહેરીને માથું ટેકવવા જઈ રહેલા વિદેશી કપલને શીખે રોક્યા. મહિલા અને યુવક બંનેએ નિકર પહેરી હતી. શીખે તેમને ગેટ પર રોક્યા અને નિયમો વિશે જણાવ્યું. શીખે જણાવ્યું કે નિકર પહેરીને અંદર જવાની મનાઈ છે.

આ દરમિયાન વિદેશી મહિલાએ ટિકિટ વિશે પણ પૂછ્યું, જેના પર તેને કહેવામાં આવ્યું કે અહીં પ્રવેશ સંપૂર્ણપણે મફત છે. પણ બંનેને પૂરા કપડાં પહેરીને આવવાની સલાહ આપી. નિયમો સમજ્યા પછી વિદેશી મહિલાએ સંમતિ દર્શાવી. આ વીડિયો ૪ જુલાઈનો છે. જે હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ગુરુઘરની મર્યાદાથી જાણકારી જણાવવા માટે સૂચના બોર્ડ લગાવવામાં આવ્યું છે. આના પર સ્પષ્ટ લખેલું છે કે કેપ, શોર્ટ પેન્ટ (નિકર), કેપ્રી, મોજાં અને મિની સ્કર્ટ પહેરીને પ્રવેશની મંજૂરી નથી. શ્રદ્ધાળુઓને માથું ઢાંકીને અને પૂરા કપડાં પહેરીને જ ગુરુદ્વારા સાહિબમાં પ્રવેશ કરવા અપીલ કરવામાં આવી છે.



વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે એક વિદેશી મહિલા અને તેની સાથે હાજર યુવક ગોલ્ડન ટેમ્પલમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા હતા. ત્યારે એક શીખે તેમને જણાવ્યું કે ગુરુદ્વારા સાહિબની અંદર નિકર કે હાફ પેન્ટ પહેરીને જવાની મનાઈ છે. તેમણે સમજાવ્યું કે દર્શન કરવા માટે પૂરા કપડાં કે પાયજામા પહેરવા જરૂરી છે. વાતચીત દરમિયાન વિદેશી મહિલાએ પૂછ્યું કે શું અંદર જવા માટે કોઈ પ્રકારની ટિકિટ લેવી પડે છે. આના પર સ્પષ્ટ કરવામાં આવ્યું કે ગોલ્ડન ટેમ્પલમાં પ્રવેશ સંપૂર્ણપણે મફત છે અને ફક્ત ગુરુઘરની મર્યાદા અનુસાર કપડાં પહેરવા જરૂરી છે.

# ગુજરાતમાં ‘ચાંદીપૂરા વાયરસ’ બે બાળકોના મોત

## નવી બીમારીની એન્ટ્રી; ગોધરામાં બે બાળકોના મોતથી આરોગ્ય તંત્રમાં દોડધામ

## ચોમાસામાં સેન્ડફ્લાય માખી કરડવાના કારણે ચાંદીપૂરા વાયરસ સક્રિય થાય છે

સિટી ન્યૂઝ@ગોધરા

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ચોમાસાની શરૂઆત સાથે જ ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ લક્ષણોના કારણે બે બાળકોનાં મોત થતાં આરોગ્ય તંત્રમાં દોડધામ મચી ગઈ છે. ગોધરાના વીંઝોલ અને જીતપુરા ગામના બે બાળકોને તીવ્ર તાવ અને આંચકી આવતાં પ્રથમ ગોધરા સિવિલ હોસ્પિટલ અને બાદમાં વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બંનેના મોત થયા હતા.



ઘટના બાદ જિલ્લા આરોગ્ય વિભાગે બંને ગામોમાં યુદ્ધના ધોરણે સર્વેલન્સ શરૂ કર્યું છે. દરેક ઘરની તપાસ, ફોગિંગ અને જંતુનાશક દવાનો છંટકાવ હાથ ધરાયો છે. તપાસ દરમિયાન આશરે ૨૬૦ જેટલી સેન્ડફ્લાય માખીઓ મળી આવતા કાચા મકાનોની તિરાડો પૂરવાની અને સ્વચ્છતા અભિયાનની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે.

ચાંદીપુરા વાયરસ દર ચોમાસામાં ગ્રામ્ય વિસ્તારોમાં સક્રિય બનતો હોવાનું આરોગ્ય વિભાગનું માનવું છે. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા છેલ્લા બે વર્ષથી આ વાયરસ પર સંશોધન ચાલી રહ્યું છે, પરંતુ હજુ સુધી તેની ચોક્કસ રસી કે અસરકારક સારવાર ઉપલબ્ધ થઈ નથી.

આરોગ્ય વિભાગે વાલીઓને બાળકોને આખી બાયનાં કપડાં પહેરાવવા, આસપાસ સ્વચ્છતા જાળવવા અને બાળકને અચાનક તીવ્ર તાવ, ઉલટી અથવા આંચકી જેવા લક્ષણો દેખાય તો વિલંબ કર્યા વગર નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવા અપીલ કરી છે.

ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે બાળકોને અસર કરતો ગંભીર વાયરલ ચેપ છે. તેમાં તાવ, માથાનો દુખાવો, ઉલટી, ઝાડા અને કેટલાક કિસ્સાઓમાં મગજમાં સોજા જેવા લક્ષણો જોવા મળે છે. આરોગ્ય વિભાગે લોકોને સતર્ક રહેવા અને ચોમાસા દરમિયાન જરૂરી સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે.



## વરસાદમાં ભજીયા ખાવા મોંઘા

# તેલના ભાવમાં વધારો

### સિંગ તેલમાં ડબ્બે રૂપિયા 50નો વધારો

સિટી ન્યૂઝ@રાજકોટ

ચોમાસાની ઋતુમાં ગરમાગરમ ભજીયા સહિતની વાનગીઓ બનાવવી હવે વધુ મોંઘી સાબિત થઈ રહી છે. રાજ્યમાં ખાદ્યતેલના ભાવમાં સતત વધારો થતાં ગૃહિણીઓના રસોડાનું બજેટ ખોરવાયું છે. રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના ખાદ્યતેલ બજારમાં તેજીનો માહોલ યથાવત જોવા મળી રહ્યો છે.છેલ્લા ત્રણ દિવસમાં સીંગતેલના એક ડબ્બાના ભાવમાં કુલ ૫૦નો વધારો નોંધાયો છે. આજે ફરી ડબ્બે ૧૦નો વધારો થતાં બજારમાં સીંગતેલનો ભાવ આશરે ૨,૭૬૦ સુધી પહોંચી ગયો છે.

મધ્યમ વર્ગના રસોડામાં વધુ વપરાતા કપાસીયા તેલમાં પણ છેલ્લા બે દિવસમાં ડબ્બે ૨૦નો વધારો થયો છે. હાલ કપાસીયા તેલનો ડબ્બો ૨,૬૪૦ની આસપાસ વેચાઈ રહ્યો છે. પામોલીન તેલના ભાવમાં પણ આજે ૧૦નો વધારો થતાં તેનો ડબ્બો આશરે ૨,૩૪૦ સુધી પહોંચી ગયો છે.

વેપારીઓના જણાવ્યા મુજબ રાજ્યમાં સાર્વત્રિક વરસાદને કારણે માર્કેટ યાર્ડોમાં મગફળી સહિતના કાચા માલની આવક ઘટી છે. પુરવઠો ઓછો થતાં ખાદ્યતેલના ભાવમાં સતત તેજી જોવા મળી રહી છે.

તહેવારો પૂર્વે જ ખાદ્યતેલના વધતા ભાવથી સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો પર વધારાનો આર્થિક બોજ પડ્યો છે. બજારના જાણકારોના મતે આગામી દિવસોમાં વરસાદ અને કાચા માલની આવક પર આધાર રાખીને ખાદ્યતેલના ભાવનો ટ્રેન્ડ નક્કી થશે.

# રાજકોટની હોટલ-રેસ્ટોરન્ટમાં વાસી જ પીરસાય છે

### 11 પેઢીઓમાંથી 122 કિલો વાસી ખોરાકનો નાસ કરાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગે શહેરની હોટલ, રેસ્ટોરન્ટ અને ફૂડ પેઢીઓમાં સર્વેલન્સ ચેકિંગ હાથ ધરી ૧૧ એકમોની તપાસ કરી હતી. કાર્યવાહી દરમિયાન કુલ ૧૨૨ કિલો વાસી, એક્સપાયર અને અખાદ્ય ખાદ્યસામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો. ઉપરાંત એક પેઢીને સ્ટોરેજ, લાઇસન્સ અને સ્વચ્છતા અંગે નોટિસ ફટકારી કુલ રૂ.૧૩ હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

યુનિવર્સિટી રોડ સ્થિત પીઝા કન્ટ્રી કિચનમાંથી ૧૪ કિલો એક્સપાયર પીઝા બેઝ, વાસી ગ્રેવી, પાસ્તા અને નૂડલ્સનો નાશ કરી રૂ.૫ હજારનો દંડ ફટકારાયો હતો. સાથે ડેરીસ્ટા ચીઝનો નમૂનો લેવામાં આવ્યો હતો.

જાગનાથ ચોક પાસેના અમૂલ પાર્લરમાંથી ૪૫ કિલો એક્સપાયર આઇસ્ક્રીમ, ચોકલેટ, પનીર અને ફ્રોઝન સમોસાનો નાશ કરી રૂ.૩ હજારનો દંડ વસૂલાયો હતો.

રેસકોર્સ રિંગ રોડ પરના માણેક ચોક સેન્ડવીચ એન્ડ પીઝામાંથી ૨૩ કિલો એક્સપાયર પીઝા બેઝ અને ડેટ વગરના આઇસ્ક્રીમનો નાશ કરી રૂ.૧ હજારનો દંડ કરવામાં આવ્યો હતો.

નાણાવટી ચોકના કટક બટક ફાસ્ટ ફૂડમાંથી ૪ કિલો એક્સપાયર સમોસા અને પીઝા બેઝનો



નાશ કરી રૂ.૩ હજારનો દંડ ફટકારાયો હતો.

ઢેબર રોડ પરના જૈન ફૂડમાંથી ૧૨ કિલો વાસી મીઠાઈ અને સડેલા કેળાનો નાશ કરી તીખા ગાંઠિયાનો નમૂનો લેવામાં આવ્યો હતો. જ્યારે દેવ ફાસ્ટ ફૂડમાંથી ૧૪ કિલો વાસી ચીઝ, ગ્રેવી અને સલાડનો નાશ કરી બટર અને પનીરના નમૂનાઓ લેવાયા હતા.

નિર્મલા રોડ પરના જય દ્વારકાધીશ ગોલાવાલામાંથી ૫ કિલો ખરાબ મિલ્ક ક્રીમનો નાશ કરી મિલ્ક ક્રીમનો નમૂનો લેવામાં આવ્યો હતો. ઈટ એન્ડ જોય ફૂડમાંથી ૫ કિલો એક્સપાયર બ્રેડ અને બાફેલા બટેટાનો નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગુજરાત ફૂડ્સમાંથી ડેરી પ્રોડક્ટના બે નમૂના અને ડી.એન.એસ. આઇસ્ક્રીમમાંથી ચોકલેટ કોકો શેકનો નમૂનો પરીક્ષણ માટે લેવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાએ જણાવ્યું છે કે ભેળસેળ, વાસી અને અખાદ્ય ખોરાક સામે આવી કાર્યવાહી આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે.





# અનન્યા પાંડેનો ગ્રીસમાં ગર્લ્સ ગેંગ સાથે વેકેશન મસ્તી



અનન્યા પાંડેએ હાલમાં તેની બહેનપણીઓ સાથે ગ્રીસમાં વેકેશનની મજા માણી હતી. અનન્યાએ સોશ્યલ મીડિયામાં પોતાની આ ટ્રિપની તસવીરો શૅર કરી છે અને એની સાથે કૅપ્શન લખી છે કે 'મારા જીવનના સૌથી સુંદર પાંચ દિવસ સૌથી પ્રિય લોકો સાથે વિતાવ્યા. અહીં હું મારા વિશે, પૃથ્વી વિશે અને લોકો વિશે ઘણું બધું શીખી. જોરદાર વરસાદ પડતો હોવા છતાં પણ ગઈ કાલે અમિતાભ બચ્ચનના જુહુના બંગલા જલસાની બહાર તેમની એક ઝલક માટે લોકોની ભીડ જોવા મળી હતી.



## ક્રિતી સૅનન કહે હિરો–હરોઈન વચ્ચે બહુ ભેદભાવ કરવામાં આવે છે

# બોલીવુડમાં હીરોઈન સાથે અન્યાય

**સિટી ન્યૂઝ@મુંબઈ**

ક્રિતી સૅનન પોતાની લાગણીને સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરવા માટે જાણીતી છે અને હાલમાં તેણે બૉલીવુડમાં ચાલી રહેલા જેન્ડર બાયસ વિશે ખુલ્લેઆમ વાત કરતાં કહ્યું હતું કે ફિલ્મ-ઈન્ડસ્ટ્રીમાં મહિલા કલાકારોને ઘણી વાર તેમના પુરુષ સહકલાકારો કરતાં અલગ દૃષ્ટિકોણથી જોવામાં આવે છે. ક્રિતીએ કહ્યું હતું કે અસિસ્ટન્ટ ડિરેક્ટર્સ ઘણી વાર પુરુષ સ્ટાર્સ સામે વધુ ગભરાતા અથવા સંકોચ અનુભવતા હોય છે, જ્યારે મહિલા કલાકારોને ઘણી વખત હળવાશથી લેવામાં આવે છે.

ફિલ્મ-ઈન્ડસ્ટ્રીમાં થયેલા અનુભવ વિશે વાત કરતાં ક્રિતીએ કહ્યું હતું કે 'મેં અત્યાર સુધી મૉડલિંગ, એન્જિનિયરિંગ કૉલેજ અને ફિલ્મ-ઈન્ડસ્ટ્રી સહિત અનેક ક્ષેત્રો જોયાં છે, પરંતુ સૌથી વધુ પડકારો ફિલ્મ-ઈન્ડસ્ટ્રીમાં અનુભવ્યા છે. બૉલીવુડમાં હીરો અને હિરોઇન વચ્ચે બહુ ભેદભાવ કરવામાં આવે છે. મેં જ્યારે કારકિર્દીની શરૂઆત કરી હતી ત્યારે મહિલાઓ માટે ઉપલબ્ધ તકો આજની સરખામણીએ ઘણી મર્યાદિત હતી. એ સમયે મોટા ભાગની ફિલ્મોની વાર્તા પુરુષ પાત્રોની આસપાસ જ રચાતી હતી અને મહિલા પાત્રોને માત્ર રોમૅન્ટિક સપોર્ટ આપવાનો રહેતો હતો. હવે ફિલ્મોમાં મહિલા પાત્રો વધુ સારી રીતે લખાઈ રહ્યાં છે, પણ જેન્ડરના આધારે થતો ભેદભાવ હજુ પણ સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી.

# સારા અર્જુનનો 52000નો ઑફ-વાઈટ અનારકલી ડ્રેસ





રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ની ઍક્ટ્રેસ સારા અર્જુનનો ઑફ-વાઇટ અનારકલી ડ્રેસવાળો લુક ફૅન્સના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ અનારકલી ડ્રેસ શુદ્ધ ચંદેરી સિલ્કમાંથી તૈયાર થયો છે જેની કિંમત આશરે ૫૨,૦૦૦ રૂપિયા હોવાનું જણાવવામાં આવ્યું છે. આ આઉટફિટ એની નાજુક હેન્ડ-એમ્બ્રૉઇડરી વર્ક અને શાહી અંદાજને કારણે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ આઉટફિટમાં ૨૪ કલીઓ, ફ્લોરલ જાલ એમ્બ્રૉઇડરી અને વિશાળ ફ્લેર છે જે એને રૉયલ લુક આપે છે. સારાએ એની સાથે ઑર્ગૅન્ઝા દુપટ્ટો અને સિલ્વર ઝુમકા સ્ટાઇલ કર્યા છે.

## સોનાના ભાવ વધી ગયા એટલે

# દુલ્હને ઘરેણાં વિના કર્યા લગ્ન

## સોનાના ભાવે બદલાવી પરંપરા





**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સોશ્યલ મીડિયા પર એક દુલ્હનનો શ્રૃંગાર ચર્ચામાં છે. સામાન્ય રીતે લગ્નના મંડપમાં તૈયાર થયેલી દુલ્હન સોના-ચાંદીનાં આભૂષણોથી લદાયેલી હોય. આજકાલ સોનાના ભાવ વધી ગયા હોવાથી દુલ્હનો સાચા દાગીનાને બદલે નકલી દાગીનાનો ઠાઠ કરતી હોય છે, કારણ કે દુલ્હન તો સોળે શણગાર સજેલી જ હોવી જોઈએ એવી માન્યતા છે. જોકે એક કન્યાએ પોતાનાં લગ્નના દરેક ફંક્શનમાં એક પણ ઘરેલું પહેર્યું નહોતું.

અસલી કે નકલી કોઈ જ નહીં. સોનાના ભાવ આસમાનને આંબી રહ્યા હોવાથી દુલ્હને નક્કી કર્યું હતું કે તે દાગીના પર બિનજરૂરી ખર્ચ નહીં કરે. તેણે પોતાનાં જ લગ્નમાં શરીર પર એક પણ ઘરેણું ન પહેરવાનું નક્કી કર્યું હતું. એ જોઈને જાનૈયાઓ પણ દંગ રહી ગયા હતા. જોકે સાદી-સિમ્પલ હેરસ્ટાઇલ અને રૉયલ કપડાંમાં સજ્જ દુલ્હને પોતાના સ્માઇલને જ પોતાનું ઘરેણું બનાવીને મહેમાનોનાં દિલ જીતી લીધાં હતાં.





## હિંમતને સલામઃ મન હોય તો માળવે જવાય

# 116 વર્ષે દાદીએ 3550 પગથિયા ચડીને કર્યા દર્શન




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કહેવાય છે કે મનમાં સાચી શ્રદ્ધા અને મજબૂત ઇરાદો હોય તો મુશ્કેલમાં મુશ્કેલ કામ પણ આસાન થઈ જાય છે. કર્ણાટકનાં એક સેન્ચુરિયન મહિલા તાજેતરમાં તિરુપતિ બાલાજીનાં દર્શન કરવા ગયાં એનો વિડિયો વાઇરલ થયો છે. આ માજીની ઉંમર ૧૧૬ વર્ષ હોવાનો દાવો થઈ રહ્યો છે. તેઓ પરિવાર સાથે તિરુમલામાં ભગવાન બાલાજીનાં દર્શન કરવા આવ્યાં હતાં. પરિવારે તેમની ઉંમર જોઈને ઉપર ચડવા માટે વાહનનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું હતું, પરંતુ આ માજીએ પગપાળા ચાલીને અને પગથિયાં ચડીને જાતે જ દર્શન કરવાની ઇચ્છા જતાવી. બાની આ ઇચ્છાને પરિવારજનોએ પૂરો સપોર્ટ કર્યો. નવાઈની વાત એ છે કે ૩૫૫૦ પગથિયાં આ માજી પરિવારજનોના ટેકે-ટેકે ચડી પણ ગયાં. તેમની આ શ્રદ્ધા જોઈને કોઈક શ્રદ્ધાળુએ વિડિયો સોશ્યલ મીડિયા પર શૅર કર્યો હતો.

# કૈલાશ માનસરોવર યાત્રાનો પ્રારંભ

## 49 યાત્રાળુઓની પ્રથમ ટુકડીને ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ લીલી ઝંડી બતાવી; રુદ્રાક્ષની માળા-શિવ પટકા પહેરાવ્યા






### 6 વર્ષ પછી ફરી શરૂ થઈ યાત્રા

કૈલાશ માનસરોવર યાત્રા વર્ષ ૨૦૨૦થી બંધ હતી. પહેલા કોરોના મહામારી અને બાદમાં ભારત-ચીન સરહદ પર પૂર્વી લદ્દાખના ગલવાન ક્ષેત્રમાં સૈન્ય તણાવને કારણે સતત છ વર્ષ સુધી યાત્રાનું સંચાલન થઈ શક્યું ન હતું. બંને દેશો વચ્ચે સહમતિ બન્યા બાદ આ વર્ષે યાત્રા ફરી શરૂ થઈ છે. ઉત્તરાખંડના લિપુલેખ માર્ગેથી જનારા શ્રદ્ધાળુઓ માટે ટનકપુર પહેલો મુખ્ય પડાવ છે, જ્યાંથી યાત્રીઓ પિથોરાગઢ, ધારચુલા અને ગુંજી થઈને લિપુલેખ ઘાટના રસ્તે કૈલાશ માનસરોવર પહોંચશે. આ વખતે યાત્રાના બે માર્ગ નક્કી કરવામાં આવ્યા છે - ઉત્તરાખંડનો લિપુલેખ ઘાટ અને સિક્કિમનો નાથુલા ઘાટ.

**સિટી ન્યૂઝ@ઉત્તરાખંડ**

કૈલાશ માનસરોવર યાત્રા ૨૦૨૬નો શુભારંભ થયો છે. લગભગ ૫ વર્ષ પછી ઉત્તરાખંડના ટનકપુર માર્ગ પરથી કૈલાશ માનસરોવર યાત્રા શરૂ થઈ છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રવિવારે શારદા પર્યટક આવાસ ગૃહથી પ્રથમ ટુકડીને લીલી ઝંડી બતાવીને આગળના પડાવ ધારચુલા માટે રવાના કરી. આ ટુકડી ૪ જુલાઈએ દિલ્હીથી રવાના થઈ હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ શ્રદ્ધાળુઓનું રુદ્રાક્ષ માળા અને શિવ પટકા (ભગવાન શિવના નામવાળો ખેસ) પહેરાવીને સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે, 'આ યાત્રા ફક્ત ધાર્મિક આસ્થાનો વિષય નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક ચેતના અને રાષ્ટ્રીય એકતાનું પ્રતીક છે.' તેમણે યાત્રીઓને આખી યાત્રા દરમિયાન ધૈર્ય, અનુશાસન અને સાવધાની રાખવા અપીલ કરી. રવાના થતી વખતે સમગ્ર વિસ્તારમાં 'હર-હર મહાદેવ' અને 'બમ-બમ ભોલે'ના જયઘોષ ગુંજતા રહ્યા. શ્રદ્ધાળુઓ અને સ્થાનિક લોકોના ઉત્સાહ વચ્ચે ઉત્તરાખંડની સાંસ્કૃતિક વિરાસત અને અતિથિ સત્કારની પરંપરા પણ જોવા મળી.પ્રથમ ટુકડી શનિવારે સાંજે ટનકપુર પહોંચી હતી. અહીં ફૂલ-માળાઓ, પરંપરાગત છોલિયા નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે યાત્રાળુઓનું સ્વાગત કરવામાં આવ્યું. સાંસ્કૃતિક સંધ્યામાં ઉત્તરાખંડની લોક પરંપરાઓની પણ રજૂઆત કરવામાં આવી.

# ડુંગળી મોંઘી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

લાંબા સમય સુધી રાહત આપ્યા બાદ, હવે ડુંગળી ગ્રાહકોની આંખમાં આંસુ લાવી રહી છે. છેલ્લા એક મહિનામાં ડુંગળીના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે અને વેપારીઓ હજુ ભાવ વધવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. ચોમાસામાં વિલંબને કારણે ડુંગળીના રોપણી કાર્ય પર અસર પડી રહી છે, જેનાથી ખરીફ પાકની આવકમાં વિલંબ થઈ શકે છે. મહારાષ્ટ્રના ડુંગળીના વેપારી વિજય બાફનાએ જણાવ્યું હતું કે હાલમાં ડુંગળીના ભાવમાં વધારો થઈ રહ્યો છે. ડુંગળીની નિકાસ માટે માંગ છે અને મોડા ચોમાસાને કારણે ખરીફ પાકની આવકમાં વિલંબ થઈ શકે છે. પરિણામે, બજારમાં ડુંગળીના જથ્થાબંધ ભાવ પ્રતિ કિલોગ્રામ ૩૫ થી ૪૦ સુધી પહોંચી શકે છે. જો જથ્થાબંધ ભાવ પ્રતિ કિલોગ્રામ ૪૦ સુધી પહોંચે, તો છૂટક ભાવ પ્રતિ કિલોગ્રામ ૬૦ સુધી વધી શકે છે. બાફનાએ સમજાવ્યું કે, માર્ચ અને એપ્રિલમાં વરસાદને કારણે ડુંગળીના પાકને નુકસાન થયું હતું, જેના કારણે બજારમાં ઉચ્ચ ગુણવત્તાવાળા ડુંગળીની ઉપલબ્ધતા ઘટી ગઈ હતી.



# હવે 15% મોંઘા થશે મોબાઈલ રિચાર્જ પ્લાન

**સિટી ન્યૂઝ@ઉત્તરાખંડ**

મોબાઈલનો ઉપયોગ કરવો આજે સામાન્ય બની ગયો છે. તેના વિના તમે તમારા કામકાજની કલ્પના પણ કરી શકતા નથી. પરંતુ હવે દેશના કરોડો મોબાઈલ યુઝર્સના ખિસ્સા પર ફરી એકવાર બોજ વધવાનો છે. આગામી ત્રણથી ચાર મહિના દરમિયાન દેશનું ટેલિકોમ સેક્ટર મોબાઈલ ટેરિફમાં ૧૨થી ૧૫ ટકા સુધીનો વધારો કરી શકે છે. સેન્ટ્રમ ઈન્સ્ટિટ્યુશનલ રિસર્ચ (CIR)ના રિપોર્ટ અનુસાર, બજારમાં ઓછી કંપનીઓ અને અનુકૂળ બિઝનેસ વાતાવરણને કારણે કંપનીઓ મોબાઈલ ટેરિફના ભાવમાં વધારો કરવાની તૈયારી કરી રહી છે.રિપોર્ટમાં આશા વ્યક્ત કરવામાં આવી છે કે, ભારતી એરટેલ અને રિલાયન્સ જિયો જેવી મોટી કંપનીઓ પોતાની મજબૂત સ્થિતિના જોરે માર્કેટમાં હિસ્સેદારી વધારવાનું ચાલુ રાખશે, જ્યારે વોડાફોન આઈડિયા (VIL)ને નુકસાન સહન કરવું પડી શકે છે. આ ક્વાર્ટર દરમિયાન રિલાયન્સ જિયો સાથે લગભગ ૭૦ લાખ નવા કસ્ટમર અને ભારતી એરટેલ સાથે ૫૦ લાખ નવા કસ્ટમર જોડાવાની આશા છે. તેની સરખામણીમાં વોડાફોન આઈડિયાના નેટવર્ક સાથે માત્ર ૨ લાખ નવા કસ્ટમર જ જોડાઈ શકે છે.દેશભરમાં ૪G અને ૫G નેટવર્કની પહોંચ સતત વધવાને કારણે પ્રતિ ગ્રાહક ડેટાનો વપરાશ મજબૂત રહેવાનું અનુમાન છે. રિલાયન્સ જિયો અને ભારતી એરટેલે દેશના ૯૦ ટકાથી વધુ જિલ્લાઓમાં પોતાની ૫G સર્વિસ પહોંચાડી દીધી છે અને હવે તેમનું પૂરું ધ્યાન નેટવર્ક પર વધુમાં વધુ ૫G ડિવાઈસને જોડવા પર છે. આ સાથે જ બન્ને કંપનીઓ ૫G ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ અને ફિક્સ્ડ બ્રોડબેન્ડ સેગમેન્ટમાં પણ સારું પ્રદર્શન કરી રહી છે, કારણ કે તેમાં વિકાસની અપાર સંભાવનાઓ રહેલી છે.સંકટમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહેલી વોડાફોન આઈડિયા પણ દેશમાં પોતાની ૫G સર્વિસનું ઝડપથી વિસ્તરણ કરી રહી છે. હાલના સમયમાં વોડાફોન આઈડિયાનું ૫G નેટવર્ક લગભગ ૧૦૦ શહેરોમાં એક્ટિવ છે અને કંપની આ કવરેજને સતત વધારી રહી છે.

> ત્રણથી ચાર મહિના દરમિયાન ટેલિકોમ સેક્ટર મોબાઈલ ટેરિફમાં 12થી 15 ટકા સુધીનો વધારો કરી શકે

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય –**
**"સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે**
**આપનો સહકાર જરૂરી**

# સરકાર તો કહે કે નગ્ન થઈને નાચો, એટલે આપણે નાચવાનું ?

ડાયરા કલાકાર માયાભાઈ આહિરે એમના એક ડાયરામાં તાજેતરમાં ત્રણ બાબતો કહીઃ એક બાબત એવી કહી કે લોકો ટેક્સ ભરતા નથી, બીજો મુદ્દો એમણે એમ કહ્યો કે લોકો રેશનિંગનું ખાય છે. અને ત્રીજો મુદ્દો એમ કહ્યો કે રેશનિંગનું ખાઈને સવાલો પૂછે છે, આ ત્રણેય મુદ્દા વિશે વિગતે વાત કરીએ.પહેલો મુદ્દોઃ લોકો ટેક્સ ભરતા નથી. કયા લોકો ટેક્સ નથી ભરતા, માયાભાઈ? તમે જરા કહેશો કે કોણ ટેક્સ નથી ભરતું?તમે ડાયરાઓ કરો છો એટલે તમારી આવક તો ઘણી હશે, આમેય હજારો લાખો રૂપિયા તમારા સ્ટેજ ઉપર નાખવામાં આવતા હોય છે, ઉછાળવામાં આવતા હોય છે. આખું સ્ટેજ ભરાઈ જતું મેં વિડિયોમાં જોયેલું છે.તો તમે ઇન્કમ ટેક્સ ભરતા હશો, તમારી વાર્ષિક આવક તો એટલી તો ખરી જ, કે તમારે ઇન્કમ ટેક્સ ભરવો પડે? કેટલા લોકો ઇન્કમ ટેક્સ ભરે છે આ દેશમાં? આશરે ૪.૫ કરોડ. દેશની કુલ વસ્તી છે લગભગ ૧૪૫ કરોડ. એમાંથી માત્ર ૪.૫ કરોડ લોકો ઇન્કમ ટેક્સ ભરે છે. એમાંના તમે એક છો. એનો અર્થ એ થયો કે તમે ધનવાન છો. હવે બીજો અગત્યનો મુદ્દોઃ કયા લોકો ટેક્સ નથી ભરતા? તો જે લોકોએ ઇન્કમ ટેક્સ ભરવો જોઈએ, એ લોકો નથી ભરતા. એ લોકો ચોરી કરે છે. અથવા ઓછો ટેક્સ ભરે છે. તો એમને પકડવાની જવાબદારી કોની? સરકારની ખરી કે નહીં? તો તમે સરકારને કહો ને કે લોકો ટેક્સ નથી ભરતા, એમને પકડો. એમની ચોરી પકડો. એમને સજા કરો. એમને દેશ બહાર ભાગી ના જવા દો! બીજો અગત્યનો મુદ્દોઃ દેશની જે કુલ આવક છે, જેને GDP, ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ કહેવામાં આવે છે, એમાં ભારત સરકાર જે ટેક્સ ઉઘરાવે છે, બધો જ ટેક્સ, એનું પ્રમાણ લગભગ પોણા ૧૨% જેટલું છે. આ સત્તાવાર આંકડો છે. એમાં ૬% જેટલો ફાળો તમે જે ઇન્કમ ટેક્સ ભરો છો, એનો છે અને કંપનીઓના નફા ઉપરનો જે ટેક્સ નાખવામાં આવે છે, કોર્પોરેટ ઇન્કમ ટેક્સ, એનો છે. એટલે ૬% એમાં આવી ગયા. બાકીના ૬% શાના? તો કે GSTના, ટેક્સસાઈઝ ડ્યુટીના, અને કસ્ટમ ડ્યુટીના. આ ત્રણેય વેરા કયા કહેવાય? વસ્તુઓ અને સેવાઓ ઉપર નાખવામાં આવતા વેરા કહેવાય. અને એ વસ્તુઓ અને સેવાઓ ઉપર નાખવામાં આવતા વેરા તો બધા જ ભરે છે.આ મારા શર્ટ ઉપર જે બટન ટાંકવામાં આવેલું છે, એ બટન ઉપર ટેક્સ છે. એ બટન જે દોરાથી ટાંકવામાં આવ્યું છે, એ દોરા ઉપર ટેક્સ છે. હું જે થાળીમાં ખાઉં છું, એ થાળી ઉપર ટેક્સ છે. એ ચમચી ઉપર ટેક્સ છે. તો આ દેશનો એક ખેત મજૂર, એક બાંધકામ મજૂર, એક શાકભાજીની લારી ચલાવનારી બેન, એ બધા ટેક્સ ભરે છે. કોણ ટેક્સ નથી ભરતું? એટલે ધનવાનો ટેક્સ ભરે છે અને સરકાર આ બધાને બધું મફત આપે છે, સસ્તું આપે છે. એવી એક છાપ આ દેશના ધનવાનોએ પોતાના લાભ માટે ઊભી કરેલી છે. માયાભાઈ, તમે આનો હિસ્સો છો, એટલે તમે પણ આવું માનો છો. ખરેખર આવું છે નહીં. ગરીબો પણ ટેક્સ ભરે છે. અને મેં તમને કહ્યું એમ કે આટલો બધો ટેક્સ ભરે છે. હવે સવાલ ઊભો એ થાય છે કે તમે એવું કીધું કે લોકો રેશનિંગનું ખાય છે. રેશનિંગનું કોણ ખાય છે? માયાભાઈ, તમે ૨ રૂપિયા કિલો ઘઉં, ૩ રૂપિયા કિલો ચોખા ખરીદવા જાવ છો ખરા? ના. નહીં જતા હો. કારણ કે તમે ધનવાન છો. એ તો ગરીબો જાય છે. કે જે લોકોને ૫ કિલો મફત અનાજ દર મહિને આપવામાં આવે છે, છેલ્લા કેટલાક વર્ષોથી, અને ૨ રૂપિયા કિલો ઘઉં, ૩ રૂપિયા કિલો ચોખા, અને ૧ રૂપિયા કિલો જુવાર-બાજરી અને મકાઈ જેવું બરછટ અનાજ, આપવામાં આવે છે, એ કાયદા હેઠળ આપવામાં આવે છે, ૨૦૧૪માં એ કાયદો થયેલો છે, નરેન્દ્ર મોદીની સરકાર આવી તે પહેલાં. મનમોહનસિંહની સરકારે એ કાયદો કરેલો. એ કાયદા હેઠળ આપવામાં આવી રહ્યું છે આ રેશનિંગનું અનાજ.હવે સવાલ એ છે કે આ શું સરકારનું દયાદાન છે? અથવા તમારા જેવા ધનવાનોએ કરેલું દયાદાન છે? તમે ચોક્કસ એવું સમજતા હશો, એટલા માટે તો તમે આવું બોલો છો કે સરકાર અમારી પાસેથી ટેક્સ લે છે અને ગરીબોને મફતમાં અનાજ આપે છે.ભારતના બંધારણમાં, પ્રકરણ નંબર ૪, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, એમાં આર્ટિકલ-૩૯માં એવું લખેલું છે કે ગરીબો, વંચિતો, પીડિતો, દલિતો, વૃદ્ધો, વિકલાંગો, બાળકો, સ્ત્રીઓ, બીમારો, અશક્તો, વગેરેની કાળજી લેવાની જવાબદારી સરકારની રહેશે. અને આ ક્યારે લખેલું, માયાભાઈ? ૨૬ જાન્યુઆરી ૧૯૫૦. તમે અને હું બંને જન્મ્યા, એ પહેલાં આ લખેલું છે. અને એ હજુ છે જ. એનો અર્થ એવો થયો કે સરકારે એમની કાળજી લેવાની જ છે, જે લોકો ગરીબ છે. એ એની ફરજ છે. એવું બંધારણ કહે છે.ભારતના બંધારણની પહેલી લીટી શરૂ થાય છે, વી ધ પીપલ ઓફ ઇન્ડિયા, અમે ભારતના લોકો. તો આ અમેમાં જે ૮૦ કરોડ લોકોને ૫ કિલો મફત અનાજ આપવામાં આવે છે, એ ખરા કે નહીં? જો એ ભારતના નાગરિકો હોય, અને એ ગરીબો હોય, વંચિતો હોય, પીડિતો હોય, વૃદ્ધો હોય, અશક્તો હોય, બીમારો હોય, તો સરકારની જવાબદારી ખરી કે નહીં? અને જો હોય, તો એમાં તમને વાંધો શું છે?દુનિયાભરમાં સરકારો ધનવાનો પાસેથી વધારે વેરો વસૂલ કરે છે અને ગરીબો માટે કામ કરાવે છે. એટલે ગરીબોની કાળજી સરકાર લેતી હોય, તો એમાં તમારા પેટમાં ચૂંક ના આપવી જોઈએ.અને બીજો અગત્યનો મુદ્દો, આ રેશનિંગમાં અનાજ આપે છે, તો એમાં સરકાર કેટલા પૈસા ખર્ચે છે? લગભગ ૨,૦૩,૦૦૦ કરોડ રૂપિયા. સરકારનું કુલ બજેટ કેટલું? ૫૪ લાખ કરોડ રૂપિયા. એનો અર્થ એવો થયો ને કે લગભગ ૪% કરતાં પણ સહેજ ઓછી રકમ થઈ. જે ગરીબોને અનાજ આપવા માટે ખર્ચાય છે, રેશનિંગમાં. કયા લોકોને? લગભગ ૮૦ કરોડ લોકોને. એમની કુલ વસ્તીમાં કેટલી થઈ? લગભગ ૫૫%. આ ૫૫% ને ૪% ખર્ચ જેટલું અનાજ આપવામાં આવે છે. એમાં તમને પેટમાં કેમ દુખે છે? તમે પેલા સ્ટેજ ઉપર જે નોટો ઉછાળવામાં આવે છે, અને એના જે ઢગલા થાય છે, એમાં તમે આળોટો છો. એટલા માટે તમને પેટમાં દુખે છે?અને બીજો સવાલ, તમે એવો કર્યો કે આ લોકો સવાલો પૂછે છે, પ્રશ્નો પૂછે છે. એટલે શું? આ દેશમાં લોકશાહી છે, એની તમને કંઈ ખબર છે ખરી?ભારતના બંધારણમાં પહેલી લીટીમાં લખેલું છે કે ભારત લોકશાહી, પ્રજાસત્તાક દેશ છે. ભારતના બંધારણમાં પ્રકરણ નંબર-૩માં મૂળભૂત અધિકારોમાં આર્ટિકલ-૧૯માં અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય, વાણીનું સ્વાતંત્ર્ય લખેલું છે. પહેલી જ લીટીમાં વિચાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા લખેલી છે.એટલે હું એક નાગરિક તરીકે, મારી આર્થિક પરિસ્થિતિ ગમે તે હોય તેમ છતાં, સરકાર સમક્ષ મારી અભિવ્યક્તિ કરવાનો અધિકાર ધરાવું છું. કારણ કે હું માણસ છું.અને હા, મેં તો નક્કી કર્યું જ નહોતું કે હું ભારતમાં જન્મું. તમે નક્કી કર્યું હતું? કોણ નક્કી કરે છે? એનો અર્થ એ થયો કે હું ભારતમાં જન્મ્યો છું, એ અકસ્માત છે. અને આ અકસ્માત હું ગરીબ હોવ તો પણ એ મારે માટે સુખદ થવો જોઈએ. હા, એ મુકેશ અંબાણી જેટલો સુખદ ના થાય કે તમારા જેટલો પણ સુખદ ના થાય. પણ એ અનુભવ સુખદ થવો જોઈએ. ભલે હું ભારતમાં જન્મ્યો. અને એ સુખદ થાય, એની જવાબદારી સરકારની છે. અને જો એ જવાબદારી સરકાર અદા ન કરતી હોય, તો એને સવાલ પૂછવો એ મારી ફરજ છે. મારો અધિકાર છે. એટલે લોકશાહીમાં સૌથી મહત્વની ફરજ જો કોઈ હોય, તો એ સરકારને સવાલ કરવાની છે.સરકાર કહે એટલે તાલી ને થાલી વગાડવાની ફરજ નથી!મહાત્મા ગાંધીએ હિન્દ સ્વરાજમાં એક જગ્યાએ લખ્યું છે કે સરકાર તો કહે કે નાગા થઈને નાચો, એટલે આપણે નાચવાનું? માયાભાઈ, જરા તમારા ડાયરામાં મહાત્મા ગાંધીનું આ વાક્ય પણ કહેજો!






### તંત્રની નિષ્ફળતા છુપાવવા નાના વેપારીઓ બન્યા બલિનો બકરો

# પ્લાસ્ટિક ઉત્પાદન ખુલ્લેઆમ ચાલુ, તો નાના વેપારીઓને દંડ કેમ?: કોંગ્રેસ

## બજારમાં વેચાતો માલ ખરીદનાર નાનો વેપારી જ ગુનેગાર કેમ? દંડ ઉઘરાવવાની આ નીતિ તાત્કાલિક બંધ કરવા માંગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**





રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક (ઝબલા થેલી) ના નામે નાના વેપારીઓ પર છાશવારે દંડની ઝડી વરસાવવામાં આવે છે, જેની સામે હવે કોંગ્રેસે લાલ આંખ કરી છે. રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી મયુર શાહે સરકાર અને મનપા તંત્રની કામગીરી પર આકરા પ્રહારો કરતા સવાલ ઉઠાવ્યો છે કે, જો પ્લાસ્ટિક ગેરકાયદેસર છે તો તેની ફેક્ટરીઓ કોના ઈશારે ધમધમી રહી છે? માત્ર નાના વેપારીઓને જ 'સોફ્ટ ટાર્ગેટ' બનાવી દંડ વસૂલવાનું આ નાટક બંધ થવું જોઈએ.

કોંગ્રેસ આગેવાન મયુર શાહે આક્ષેપ કર્યો હતો કે, સરકાર અને તંત્રએ સૌપ્રથમ પ્રજાને એ સ્પષ્ટ જવાબ આપવો જોઈએ કે આખરે કયું પ્લાસ્ટિક કાયદેસર છે અને કયું ગેરકાયદેસર? જો ઝભલા થેલીઓ ખરેખર પ્રતિબંધિત હોય, તો રાજ્યભરમાં તેનું ઉત્પાદન આજે પણ ખુલ્લેઆમ કેવી રીતે થઈ રહ્યું છે? આ ફેક્ટરીઓ કોણ ચલાવે છે? સપ્લાય કોણ કરે છે? અને સરકારની આંખ નીચે આ ગેરકાયદેસર વેપાર વર્ષોથી કેવી રીતે ચાલી રહ્યો છે તેનો ખુલાસો થવો અત્યંત જરૂરી છે.

તંત્રની બેવડી નીતિની આકરી આલોચના કરતા તેમણે જણાવ્યું કે, ઉત્પાદકો અને મોટા સપ્લાયરો સામે કોઈ જ નક્કર કાર્યવાહી કરવાને બદલે તંત્ર માત્ર નાના દુકાનદારોને જ દંડ ફટકારીને પોતાની નિષ્ફળતા છુપાવી રહ્યું છે. જે વેપારી બજારમાં ખુલ્લેઆમ ઉપલબ્ધ માલ ખરીદીને વેચે છે, તે જ આખી વ્યવસ્થાનો સૌથી મોટો ગુનેગાર કેવી રીતે બની જાય? જો પ્લાસ્ટિક ખરેખર ગેરકાયદેસર હોય તો તેની એક પણ ફેક્ટરી ચાલવી ન જોઈએ, એક પણ ટ્રક બજારમાં પહોંચવો ન જોઈએ અને હોલસેલ વેપારીઓ સુધી માલ પહોંચવો જ ન જોઈએ. સરકાર મૂળ સ્તરે કાર્યવાહી કરવામાં સદંતર નિષ્ફળ જાય અને પછી નાના વેપારીઓ પાસેથી લાખો રૂપિયાના દંડ વસૂલે, તો આને કાયદાનું પાલન નહીં પરંતુ માત્ર 'દંડ વસૂલવાની નીતિ' અને ઉઘાડી લૂંટ જ કહેવાય. સરકારે તાત્કાલિક પ્લાસ્ટિકના ધોરણો સ્પષ્ટ કરવા જોઈએ. કાયદો સૌ માટે એકસરખો હોવો જોઈએ. જો સરકાર ઉત્પાદકો સામે કાર્યવાહી કરી શકતી નથી કે તેમની પાસે આંકડા નથી, તો તેમને નાના વેપારીઓને હેરાન કરવાનો કોઈ જ નૈતિક અધિકાર નથી તેવી ઉગ્ર માંગ મયુર શાહે ઉઠાવી છે.

**» સરકાર પહેલા ખુલાસો કરે કે કયું પ્લાસ્ટિક કાયદેસર અને કયું ગેરકાયદેસર ?**

**» જો પ્રતિબંધ જ છે તો રાજ્યભરમાં ઉત્પાદન અને હોલસેલ સપ્લાય કેમ ચાલુ છે? મોટા મગરમચ્છોને કોણ છાવરે છે?**



# સ્માર્ટ સિટીની પોલ લક્ષ્મી ઢોરામાં સુવિધા શૂન્ય, રોગચાળાની ભીતિ!

## કાલાવડ રોડ જેવા પૌશ વિસ્તારમાં 1200 લોકોનું જીવન નરક સમાન : મનપાના વિકાસના દાવાઓ કાગળ પર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મનપાના 'સ્માર્ટ સિટી'ના વિકાસના બણગાં વચ્ચે પૌશ ગણાતા કાલાવડ રોડ પર જ તંત્રની લાલિયાવાડી છતી થઈ છે. વોર્ડ નં. ૧૧માં કટારિયા ચોકડી પાસે, તાલુકા પોલીસ સ્ટેશન સામે આવેલા 'લક્ષ્મી ઢોરા' વિસ્તારમાં ૧૨૦૦ જેટલા નાગરિકો વસે છે. મનપાની હદમાં હોવા છતાં અહીંના લોકો પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે.આટલી મોટી વસ્તી ધરાવતા આ વિસ્તારમાં હજુ પાકા રોડ-રસ્તા કે પીવાના પાણીની વ્યવસ્થા નથી. 'સ્વચ્છ ભારત'ના દાવાઓ વચ્ચે સફાઈ કર્મચારીઓ અહીં ફરકતા જ નથી, જેથી ગંદકીના ગંજ ખડકાયા છે. નિયમિત ટેક્સ ભરવા છતાં સુવિધા આપવામાં તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

સામાન્ય વરસાદમાં જ કાચા રસ્તાઓ પર કાદવ-કીચડ અને ગંદા પાણી ભરાઈ જવાથી લોકોનું ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. લાંબા સમયથી ભરાયેલા ગંદા પાણીથી મચ્છરોનો ભારે ઉપદ્રવ વધ્યો છે. ડેન્ગ્યુ કે મેલેરિયા જેવો રોગચાળો ફાટશે તો જવાબદાર કોણ ગણાશે તેવો ભય સ્થાનિકોમાં સેવાઈ રહ્યો છે.

# રામ વનથી હુડકો ચોકડી તરફના સર્વિસ રોડની અત્યંત બિસ્માર હાલત



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના શાસકો અને અધિકારીઓ ભલે 'સ્માર્ટ સિટી' અને વિકાસના રૂપેળા બણગાં ફૂંકતા હોય, પરંતુ શહેરના રસ્તાઓની વાસ્તવિકતા કંઈક અલગ જ ચાડી ખાઈ રહી છે. આજી ડેમ પાસે આવેલા રામ વનથી હુડકો ચોકડી તરફ જતા સર્વિસ રોડની હાલત અત્યંત બિસ્માર અને દયનીય બની ગઈ છે. લાખો રૂપિયાના ખર્ચે બનેલા આ રસ્તા પર હાલ ડામર ઓછો અને મસમોટા ખાડાઓ વધુ જોવા મળી રહ્યા છે, જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા હજારો વાહનચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

# મુસ્તાકને અંદાજ આવી ગયો કે પોલીસ તેની ગેઈમ કરશે, તે રહીમ સાથે પાકિસ્તાન ભાગી ગયો

ગોપાલ બપોરે લીગલ ઑફિસમાં જ બેઠો હતો. તે કામમાં વ્યસ્ત હતો. જે કેદીઓ રજા લેવાની અરજી કરવા માગતા હતા, ગોપાલ તેમની અરજી લખી આપતો હતો. જેલમાં એવા કેદીઓની મોટી સંખ્યા હતી, જેમને પોતાની સહી કરતા પણ આવડતી નહોતી. લીગલ ઑફિસમાં આવનારા ઘણા કેદીઓનો આગ્રહ રહેતો કે, તેમની અરજી ગોપાલ જ લખી આપે. તેની પાછળનું કારણ એવું હતું કે, ગોપાલ કોઈપણ કેદી પર ગુસ્સે થતો નહોતો.તે દિવસે એક સિનિયર કેદી લીગલ ઑફિસમાં દાખલ થયો. સિનિયર એટલા માટે લાગી રહ્યો હતો કે, તેના માથાના અને દાઢીના વાળ સંપૂર્ણ સફેદ હતા. ગોપાલે અમદાવાદ જેલમાં આવ્યા પછી આ કેદીને પહેલી વખત જ જોયો હતો. લગભગ સાડા પાંચ ફૂટની ઊંચાઈ, પાતળો બાંધો, સહેજ લાંબી સફેદ દાઢી હતી. તેણે માથા ઉપર બંધી અમલદાર લખેલી સફેદ ટોપી પહેરેલી હતી. ટોપીમાંથી તેના સફેદ વાળ ડોકાતા હતા. તેમને જોઈને લાગતું હતું કે, સાંઈઠ વટાવી ગયા હશે.આ કેદીને જોતાં મોટા ભાગના કેદી ઊભા થઈ ગયા. દરેકે તેમને પોતાની ખુરશીમાં બેસવાનો આગ્રહ કર્યો.. એ જોઈને ગોપાલ પણ ઊભો થઈ ગયો. લીગલ ઑફિસના કેદીઓ તેમને રહીમભાઈ કહીને સંબોધતા હતા. એક કેદી તરત માટલામાંથી પાણી લઈ આવ્યો. બીજા કેદીએ પૂછ્યું, “રહીમભાઈ, ચા પીશોને?”રહીમભાઈએ માથા ઉપરથી ટોપી કાઢી અને સફેદવાળમાં હાથ ફેરવતાં કહ્યું, “અરે ભાઈ, બહુત ચાય હો ગઈ.”પછી તેમણે બધા કેદીઓને જોયા. રહીમભાઈ માટે ગોપાલ નવો ચહેરો હતો. તેમણે ઝીણી આંખ કરીને ગોપાલને જોયો. એ યાદ કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા કે, આને ક્યાં જોયો છે? ત્યારે જ એક અવાજ સંભળાયો, “રહીમમિયાં, તમે નથી મળ્યા આ છોકરાને. મહેનત કરશો નહીં.”બધાએ અવાજની દિશામાં જોયું, તો નીતિનકાકા આવ્યા હતા. રહીમભાઈએ પણ પાછળ જોયું. તે નીતિનકાકાને ભેટી પડ્યા. કાકા પોતાની જગ્યાએ જઈને બેઠા. પોતાની ખુરશીની બાજુમાં બીજી એક ખુરશી ખેંચી અને કહ્યું, “આઓ રહીમભાઈ, યહાં બેઠો.”રહીમભાઈ જઈને કાકાની બાજુની ખુરશીમાં બેઠા. લીગલ ઑફિસનું કામ રહીમભાઈ આવતા થંભી ગયું હતું. બધા રહીમભાઈની વાત સાંભળવામાં મશગુલ હતા. નીતિનકાકા આવ્યા એટલે તરત બે ગ્લાસ પાણી અને બે કપ ચા ટેબલ પર




આવી ગઈ. કાકાએ ઈશારો કર્યો અને રહીમભાઈએ કપ ઉપાડ્યો. કાકાએ ચા પીતાં પીતાં પૂછ્યું, “રહીમભાઈ, કૈસે ભુલા પડા?” નીતિનકાકાનું હિન્દી બહું ખરાબ હતું, પણ કાકા કોઈપણ હિન્દીભાષી આવે એટલે હિન્દીમાં જ બોલવાનું શરૂ કરે. જે હિન્દી ભાષી હોય, એ વર્ષોથી ગુજરાતમાં રહેતો હોવાને કારણે એક મૂળ ગુજરાતી કરતાં પણ સારું ગુજરાતી બોલે. પણ કાકા તેમની સાથે હિન્દીમાં જ વાત કરે એટલે તેમણે રહીમભાઈને પૂછ્યું, “કૈસે ભુલા પડા?”જોકે રહીમભાઈ કાકાનું હિન્દી સમજી જતા હતા. રહીમભાઈએ પણ તે જ સ્ટાઈલમાં જવાબ આપ્યો, “કાકા, ભુલા નહીં પડા. કામ થા એટલે આયા છું.”રહીમભાઈ પણ બેપાંચ ગુજરાતી વાક્ય વચ્ચે એકાદું વાક્ય હિન્દી બોલે; અને તે પણ મિયાંભાઈ સ્ટાઈલમાં. રહીમભાઈએ કહ્યું, “છોકરી કા નિકાહ કરના હૈ. આઈ.જી. સાબ છુટ્ટી દે, તો જરા થોડે કામ પતા કે આ જાઉં.”નીતિનકાકાએ પૂછ્યું, “અરજી કિયા?”રહીમભાઈ બોલ્યા, “અરે કાકા, અરજી કરણે કે વાસ્તે તો આયા હું. મેરા તાલીમ તો ઉર્દૂ મેં હુઆ હૈ. સાબ ઉર્દૂ સમજે તો ઉર્દૂ મેં અરજી લીખતા.”કાકા સહિત બધા ખડખડાટ હસી પડ્યા. કાકા સમજી ગયા. તેમણે ગોપાલ સામે જોયું. ગોપાલની બાજુમાં એક કેદી અરજી માટે ઊભો હતો. કાકાએ ગોપાલને પૂછ્યું, “આનું શું છે?”ગોપાલે કહ્યું, “અપીલની અરજી માટે છે.”કાકાએ પેલા કેદીને છણકા કરતાં કહ્યું, “હમણાં દસ મિનિટ બહાર ઊભો રહે.”એ ગોપાલને સારું લાગ્યું નહીં. ગોપાલ કંઈ કહે


પ્રશાંત દયાળ

તે પહેલાં પેલો કેદી ઑફિસની બહાર જતો રહ્યો. કાકાએ ગોપાલને કહ્યું, “રહીમભાઈની રજા અરજી લખી આપ.”ગોપાલે નવો કાગળ લીધો. કાકાએ ગોપાલને રહીમભાઈનો પરિચય આપતાં કહ્યું, “આ આપણી જેલનાં સેન્સર બોર્ડના ચેરમેન છે.”આ સાંભળીને બધા હસી પડ્યા. આ ઓળખાણ સાંભળી ત્યારે તો ગોપાલને ખબર પડી નહીં; પણ પછી લીગલ ઑફિસના એક કેદીએ સમજાવ્યું, “જેલમાં આવતા અને જેલમાંથી જતા; તમામ પત્રો જેલ દ્વારા સેન્સર કરવામાં આવે છે. તેમાં કંઈ વાંધાજનક ન હોય તો જ જેલની બહાર જાય અને અંદર આવી શકે.જેલમાં અનેક ભાષાના કેદીઓ હોય છે. દરેક ભાષા તો જેલના અધિકારી સમજે એ જરૂરી નથી. એટલે પાકા કામના જે કેદી પોતાની ભાષામાં માસ્ટર હોય, એમને આ પત્ર સેન્સર કરવાની નોકરી આપવામાં આવે છે. જેમાં રહીમભાઈ ઉર્દૂ ભાષાના સારા જાણકાર છે. સાબરમતી જેલમાં અનેક એવા કેદીઓ છે, જેઓ ઉર્દૂ જ જાણે છે. તેમના પત્રો બારીક નજરે રહીમભાઈ વાંચે છે અને સેન્સર કરે છે.”જેલમાં પાકિસ્તાની કેદીઓની સંખ્યા પણ થોડીક ખરી. રહીમભાઈ કહેતા કે, એ સાલે પાકિસ્તાની કા કોઈ ભરોસા નહીં. ઉન કા કાગજપત્તર ધ્યાન સે પઢના પડતા હૈ. રહીમભાઈ ઉર્દૂ જાણતા હતા, પણ તેમને ગુજરાતી લખતા આવડતું નહોતું. જુવાન કેદીઓ રહીમભાઈને ચાચા કહીને સંબોધતા હતા. ચાચા નમાઝના પણ પાબંદ હતા.ગોપાલે કેદીઓ પાસેથી જાણ્યું કે, રહીમભાઈનો અમદાવાદ શહેરમાં દબદબો હતો. એ મુસ્તાક ગેંગના શાર્પશૂટર હતા. મુંબઈના દાણચોર ગોટી અને મુસ્તાકને દુશ્મની હતી. ગોટી એક કેસમાં અમદાવાદમાં પકડાયો હતો. પોલીસ તેને વડોદરા જેલમાં લઈ જઈ રહી હતી, ત્યારે રહીમભાઈએ જાપ્તા ઉપર ગોળીબાર કર્યો હતો અને ગોટીને પાડી દેવા અસંખ્ય ગોળીઓ ચલાવી હતી. જેમાં પોલીસને પણ ગોળી વાગી હતી. પરંતુ ગોટી તેમાં બચી ગયો હતો.રહીમભાઈ એ ઘટનાને યાદ કરે ત્યારે અચૂક કહેતા કે, “જિંદગી ઔર મોત વોહી તય કરતા હૈ. ગોટી કી કીસ્મત મે જિંદગી થી, ઈસ લીય વો બચ ગયા.”મુસ્તાકની ગેંગની તાકાત જ્યારે એક હદ કરતાં વધી ગઈ ત્યારે પોલીસને લાગ્યું કે નાક ઉપરથી પાણી જઈ રહ્યું છે. મુસ્તાકને પણ અંદાજ તો આવી જ ગયો હતો કે, પોલીસ એની ગેઈમ કરી નાખશે એટલે તે રહીમ સાથે પાકિસ્તાન જતો રહ્યો હતો. પાકિસ્તાનમાં મુસ્તાક અને રહીમ સલામત હતા, પણ તેમનું મન તો અમદાવાદ માટે તરસી રહ્યું હતું. બે વર્ષ પાકિસ્તાન રહ્યા પછી તેઓ ભારત પાછા ફર્યા અને દિલ્હીમાં પકડાઈ ગયા. બસ, એ દિવસથી રહીમભાઈ અમદાવાદ જેલમાં હતા. જેલમાં આવ્યા પછી મુસ્તાકનું શૈતાન મન ફરી ક્રાઈમની દુનિયામાં દોડવા લાગ્યું. એક દિવસ પોલીસે મુસ્તાકને તપાસના બહાને બહાર કાઢીને ઠોકી દીધો અને એન્કાઉન્ટરની સ્ટોરી બનાવી દીધી. મુસ્તાકની આખી ગેંગ લગભગ છેલ્લા ૨૫ વર્ષથી જેલમાં છે.રહીમભાઈના જેલમાં આવ્યા પછી તેમની બીવી શેહમીનાએ પરિવાર સંભાળી લીધો. બંને દીકરીઓને સારી સ્કૂલમાં ભણાવીને મોટી કરી. રહીમભાઈ જેલમાંથી અનેક વખત રજા ઉપર બહાર જતા. લોકો હજી પણ તેમને ડોન કહેતા. એ વાત તેમને અંદરથી ખૂબ ખટકતી હતી. તેમનું મન તો કહેતું હતું કે, જો ભાઈ બનવાનો વિચાર ન આવ્યો હોત, તો આજે તે પણ સામાન્ય લોકોની જેમ જ જિંદગી જીવતા હોત.ગોપાલે રહીમભાઈની રજા અરજી લખી આપી અને તેમની સહી લીધી. રહીમભાઈએ ગોપાલને પૂછ્યું, “ક્યા નામ હૈ બેટા?”તેણે કહ્યું, “ગોપાલ. ”રહીમભાઈએ કહ્યું, “અરે, ક્યા બાત હૈ! ભગવાન કૃષ્ણ ખુદ હમારે સામને આયે!”ઊભા થતી વખતે તેમણે ગોપાલનાં માથા પર હાથ મૂકીને કહ્યું, “અલ્લાહ તાલા જલદી તુજે યહાં સે બહાર નિકાલેંગે.”જતી વખતે એકલા એકલા એવું પણ બબડ્યા, “હમારા તો યહાં સે જનાજા હી નિકલેગા...!” (ક્રમશઃ)

# જેતપુરની યુવતીને મરવા મજબુર કરવાના કેસમાં વિધર્મી પ્રેમી, તેની પત્ની અને સાસુ સામે ફરિયાદ

» અસ્લમને અમે કંઈ નહીં કરીએ, પરંતુ નંદનીની જીંદગી બરબાદ કરી નાંખીશું કહી ધમકી

» પૈસા માટે ગળું દબાવી મારકૂટ કરતો'તો તાલુકા પોલીસે ગુનો નોંધી કરી ધરપકડ

સિટી ન્યૂઝ@જેતપુર

જેતપુરના નવાગઢમાં રહેતી અને જેતપુર નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં.૧માંથી આપ ના ઉમેદવાર તરીકે ચૂંટણી લડનાર નંદની આનંદભાઈ બોસમીયાના આપઘાત કેસમાં રાજકોટ તાલુકા પોલીસે જૂનાગઢ રહેતા તેના પ્રેમી અસ્લમ સમા, તેની ઝરીના ઉર્ફે ભુકંપ ગુલ્લીબેન વિરુદ્ધ ગુનો દાખલ કરી ત્રણેયને સકંજામાં લઈ તપાસ હાથ ધરી છે.

આ અંગે નંદનીના પિતા આનંદભાઈએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તે સાગની પટ્ટીનો ધંધો કરે છે. સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. મોટી પુત્રી નંદનીએ નવ મહિના પહેલાં અસ્લમ સાથે મૈત્રી કરાર કર્યા હતા. થોડો સમય બંને જૂનાગઢ રહ્યા બાદ રાજકોટ રહેવા આવ્યા હતા. ચારેક માસ પહેલાં રૂપલે અસ્લમની સાસુ ગુલ્લીબેને તેને કોલ કરી કહ્યું છે કે, તારી મોટી બહેન નંદનીને કહીં દેજે કે અમે તેને અસ્લમ સાથે તો નહીં જ જીવવા દઈએ, અસ્લમને અમે કંઈ નહીં કરીએ, પરંતુ નંદનીની જીંદગી બરબાદ કરી નાંખીશું એટલું જ નહીં અસ્લમની પત્ની ઝરીના ઉર્ફે ભુકંપે પણ તેને કોલ કરી કહ્યું હતું કે, નંદનીને કહેજે કે હું તેને બદસુરત કરી નાંખીશ, અસ્લમ સાથે સુખેથી રહેવા નહીંદઉ. આ ઘટનાક્રમ બાદ એકાદ માસ [ પહેલાં તેની પત્નીએ કહ્યું કે, નંદનીએ કોલ કરી કહ્યું છે કે, અસ્લમ કહે છે કે તેની પત્ની રીસામણેથી પરત આવી ગઇ છે, એટલે હવે તેનું કોઈ કામ નથી. આ રીતે તેને હેરાન કરે છે. ગાળો ભાંડી મારકૂટ કરે છે. સાથોસાથ કહે છે કે, તું તારા માતા-પિતાના ઘરે જતી રહે. તેની પત્નીએ વધુમાં એમ પણ કહ્યું કે, અસ્લમે તેને કોલ કરી નંદનીને મૂકી જવાની વાત કરી છે વધુમાં જણાવ્યું છે કે, તેની પુત્રી નંદનીએ આત્મહત્યા કર્યા બાદ નંદનીના ઘર નજીક તેનો મિત્ર ઉમંગ ઉર્ફે રવિ જોશી રહે છે. જેણે સિવિલના પોસ્ટમોર્ટમ રૂમે તેને કહ્યું કે, ગઈકાલે રાત્રે



નંદની તેના ઘરે આવી હતી અને કહ્યું કે અસ્લમ તેને ખુબ જ હેરાન કરી મારકુટ પણ કરે છે. પૈસાની માગણી કરતો હોવાથી માતા પાસેથી પૈસા લઈ તેને આપે છે. આજે પૈસાની ના પાડતાં ગળું દબાવી મારકુટ કરી હતી. આ પછી નંદની તેના ઘરે રોકાઈ હતી.

બીજા દિવસે બપોરે અસ્લમના માસીના પુત્ર સાહિદે નંદનીને કોલ કરી પોતાના ઘરે અસ્લમ સાથે મળવાં બોલાવી હતી. જેને કારણે તે નંદનીને જંગ્લેશ્વરમાં સાહિદના ઘરે મુકવા પણ ગયા હતા.ત્યારે કહેતી હતી કે, અસ્લમ ત્રણેક માસથી તેને હેરાન કરે છે. તેની (માતા) સાથે વાત કરવાની અને મળવાની પણ ના પાડે છે, પૈસાની માગણી કરી તેનો સોનાનો ચેન બેંકમાં ગીરવે મૂકી પૈસા લઈ લીધા છે, તેણે પણઅલેમને થોડું થોડું પૈસા મોકલ્યા છે. જેથી પુત્રી નંદનીને હેરાન ન કરે. ગઈ તા.૨૧મીએ તેની પત્નીએ કહ્યું કે, નંદનીએ કોલ કરી આવતીકાલે ઘરે આવવાની વાત કરી છે. પરંતુ બીજા દિવસે એટલે કે તા. ૨૨મીએ નંદનીએ આત્મહત્યા કરી લીધી હતી નંદનીએ રાજકોટની આંગન રેસિડેન્સીમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તે વખતે તેના પરિવારજનોએ પ્રેમી અસ્લમ વગેરેના ત્રાસથી આ પગલું ભરી લીધાનો આક્ષેપ કર્યો હતો. આ આક્ષેપો અંગે તાલુકા પોલીસે તપાસ કર્યા બાદ આજે આપઘાતની દુષ્પ્રેરણા આપવાની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

## બુટલેગરો સામે ગુજસીટોકના કેસમાં વોન્ટેડ આરોપીની ધરપકડ

### બુટલેગર ફિરોઝના સાગરીત જૂનાગઢના કરણ સામે 13 ગુના

સિટી ન્યૂઝ@રાજકોટ



સૌરાષ્ટ્રમાં અંગ્રેજી દારૂના મુખ્ય સપ્લાયર ફિરોઝ મેણું અને તેની ગેંગના ૧૯ સભ્યો સામે ક્રાઈમ બ્રાંચે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ૧૦ સભ્યોની ધરપકડ કરી આગામી તા.૯ સુધીના રિમાન્ડ મેળવ્યા છે. આ કેસમાં ૧૧માં આરોપી જૂનાગઢના કરણ ઉર્ફે કાલીયો સામતભાઈ ભારાઈને પણ ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો છે.તેના વિરૂધ્ધ ૧૩ ગુના નોંધાયેલા છે. મુખ્ય સૂત્રધાર ફિરોઝ મેણું સહિત ૬ હાલ જેલમાં છે. અગાઉ ધરપકડ કરાયેલા દસેય આરોપીઓના રિમાન્ડ પુરા થયા બાદ આ તમામ ૬ આરોપીઓનો ક્રાઈમ બ્રાંચ કબજો લેશે. જેમાં ફિરોઝની પુછપરછમાં ચોંકાવનારા ખુલાસા થવાની સંભાવના નકારાતી નથી ગુજસીટોકના આ કેસમાં અત્યાર | સુધીમાં ૧૧ આરોપીની ધરપકડ થઈ છે. ફિરોઝ અને હર્ષદ મહાજન સહિત ૬ આરોપી જેલમાં છે. હજૂ ૩ આરોપીઓ વોન્ટેડ છે. જેમની ક્રાઈમ બ્રાંચની ટીમો શોધખોળ કરી રહી છે રિમાન્ડ સહિતની કાર્યવાહી પુરી થયા બાદ તમામ આરોપીઓની મિલકતો અંગે ક્રાઈમ બ્રાંચ તપાસ શરૂ કરશે.

## ઘરમાં ઘુસી પાડોસી તરૂણે સગીરાના કપડાં ફાડી આચર્યું દુષ્કર્મ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં વધુ એક સગીરા સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે. જેમાં રાજકોટ શહેરના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી ૧૧ વર્ષીય સગીરા સાથે પાડોશમાં રહેતા ૧૭ વર્ષીય સગીરે દુષ્કર્મ આચરી જાનથી મારી નાખવાની ધમકી આપતા સમગ્ર મામલે તાલુકા પોલીસ દ્વારા આરોપી વિરુધ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી સગીર આરોપીને સકંજામાં લઇ વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે પડોશમાં રમવા ગયેલી નાની બેન મોટી બેનને મેગી ખાવા માટે બોલાવવા જતા આરોપીને કઢંગી હાલતમાં જોઈ ગભરાઈ જતા તુરંત પાડોશીને જાણ કરતા પરિવારને બનાવની જાણ થઇ હતી. મેટોડા GIDCમાં મજૂરી કામ કરતા શ્રમિક પરિવારની ૧૧ વર્ષ અને ૯ મહિનાની સગીર દીકરી ઘરે એકલી હતી. આ તકનો લાભ લઈ બાજુમાં જ રહેતા શખ્સે ઘરમાં ઘૂસી બાળકીનું મોઢું દબાવી તુ અવાજ કરીશ તો તને જાનથી મારી નાખીશ કહી તેણીના બળજબરી કપડા ફાડી નાખી દુષ્કર્મ આચર્યુ હતું.

# રેલ્વે અને પોસ્ટ વિભાગના 4 મનસ્વી નિર્ણયો હાઈકોર્ટ અને CATમાં રદ

સિટી ન્યૂઝ@રાજકોટ

સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT) અને ગુજરાત હાઈકોર્ટે રેલ્વે તથા પોસ્ટ વિભાગના ચાર અલગ-અલગ વહીવટી નિર્ણયોને ગેરકાયદેસર ઠરાવી રદ કરતાં કર્મચારીઓ અને ઉમેદવારોના હક્કોના રક્ષણને મહત્વપૂર્ણ માન્યતા આપી છે. આ ચુકાદાઓ માત્ર વ્યક્તિગત કેસોમાં ન્યાય પૂરું પાડતા નથી, પરંતુ સરકારી તંત્રના મનસ્વી વલણ સામે કાયદાની સર્વોચ્ચતા પણ સ્થાપિત કરે છે. આ ચારેય કેસોમાં અરજદારો વતી એડવોકેટ કાજલ કલવાણી-ગોગીયા અને એડવોકેટ આનંદ ગોગીયાએ અસરકારક, તર્કસંગત અને મજબૂત કાનૂની દલીલો રજૂ કરી હતી, જેના પરિણામે અરજદારોને ન્યાય મળ્યો છે.

પ્રથમ કેસમાં પશ્ચિમ રેલ્વેના રાજકોટ ડિવિઝનમાં જુનિયર એન્જિનિયર (મિકેનિકલ C&W)ની પસંદગી યાદી રદ કરવાનો નિર્ણય CATએ ગેરકાયદેસર ઠરાવ્યો હતો. ટ્રિબ્યુનલએ નોંધ્યું કે યોગ્ય તપાસ વિના સંપૂર્ણ પસંદગી પ્રક્રિયા રદ કરવી મનસ્વી કાર્યવાહી ગણાય. પરિણામે પસંદગી પામેલા ઉમેદવારોને મૂળ તારીખથી પ્રમોશન અને સિનિયોરિટી આપવાનો સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો, જે કર્મચારીઓના અધિકારો માટે મહત્વપૂર્ણ નિર્ણય સાબિત થયો છે.



એડવોકેટ આનંદ ગોગીયા



એડવોકેટ કાજલ કલવાણી

## એડવોકેટ કાજલ કલવાણી/ગોગીયા અને આનંદ ગોગીયાની કાનૂની દલીલોથી કર્મચારીઓ અને ઉમેદવારોને મળી મોટી રાહત

બીજા કેસમાં નિવૃત્ત રેલ્વે કર્મચારીના પેન્શનમાં કરવામાં આવેલ ઘટાડો CATએ રદ કર્યો હતો. ટ્રિબ્યુનલએ સ્પષ્ટ કર્યું કે વગર પગારની રજાનો સમય ક્વોલિફાઈંગ સર્વિસમાંથી કાઢી શકાય નહીં. બાદમાં ગુજરાત હાઈકોર્ટે પણ ટ્રિબ્યુનલના નિર્ણયને યથાવત રાખી રેલ્વેની અરજી ફગાવી દીધી હતી, જેના કારણે નિવૃત્ત કર્મચારીઓના હક્કોને વધુ મજબૂતી મળી છે.

ત્રીજા કેસમાં પોસ્ટલ સોર્ટિંગ આસિસ્ટન્ટ તરીકે પસંદ થયેલા ઉમેદવારનું નામ હાયર સેકન્ડરીમાં ફરજિયાત અંગ્રેજી વિષય ન હોવાના કારણસર પસંદગી યાદીમાંથી દૂર કરવાનો નિર્ણય CAT અને ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટે ગેરકાયદેસર ઠરાવ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કર્યું કે નિયમોના ખોટા અર્થઘટનના આધારે ઉમેદવારને વંચિત રાખી શકાય નહીં અને ઉમેદવારને નિમણૂકનો કાયદેસર હક છે.

ચોથા કેસમાં ભાવનગર ડિવિઝનના રેલ્વે કર્મચારીના અવસાન બાદ તેમની છૂટાછેડા પામેલી દીકરીને ફેમિલી પેન્શન આપવાનો ઇનકાર CATએ રદ કર્યો હતો. ટ્રિબ્યુનલએ અરજદારને વ્યાજ સહિત ફેમિલી પેન્શન ચૂકવવાનો આદેશ આપતા જણાવ્યું કે છૂટાછેડા પામેલી દીકરી પણ નિયમો મુજબ પેન્શન માટે હક્કદાર છે. આ નિર્ણય સામાજિક રીતે પણ મહત્વપૂર્ણ ગણાય છે.

આ ચારેય ચુકાદાઓ સરકારી તંત્રના મનસ્વી વહીવટી નિર્ણયો સામે કર્મચારીઓ અને નાગરિકોના કાયદેસર હક્કોને મજબૂત બનાવતા સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહ્યા છે. કાનૂની નિષ્ણાતોના મતે આ નિર્ણયો ભવિષ્યમાં સમાન પ્રકારના કેસોમાં મહત્વપૂર્ણ ન્યાયિક માર્ગદર્શન પૂરું પાડશે અને ન્યાયિક વ્યવસ્થામાં લોકોનો વિશ્વાસ વધુ મજબૂત કરશે.

# રાજકોટમાં બે પરિણીતાઓ પર સાસરિયાઓના ત્રાસના બે ગુના

## એક કેસમાં ગર્ભવતી પત્નીને દારૂડિયા પતિએ માર માર્યો, બીજા કેસમાં સીઝેરિયન ડિલિવરીને લઈને ત્રાસ અપાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં ઘરેલું હિંસા અને કૌટુંબિક અત્યાચારના બે કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. મહિલા પોલીસ સ્ટેશને બંને પરિણીતાઓની આપવીતી સાંભળીને ઘરેલું હિંસાની કલમો હેઠળ ગુના નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રથમ બનાવમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ વિસ્તારમાં રહેતી પરિણીતાએ પતિ, સાસુ અને સસરા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ લગ્ન બાદ ઘરકામ જેવી બાબતોમાં સતત મેણાં-ટોણાં મારવામાં આવતા હતા. પુત્રનો જન્મ સીઝેરિયનથી થતાં 'નોર્મલ ડિલિવરી કેમ ન કરાવી' કહી માનસિક ત્રાસ અપાયો હતો. બાળક બીમાર હોવા છતાં પતિ સારવાર માટે લઈ જતો ન હતો. બાદમાં દિયરના લગ્ન ન થવા પાછળ પરિણીતાને જવાબદાર ઠેરવી તેને દોઢ વર્ષના પુત્ર સાથે ઘરેથી કાઢી મૂકવામાં આવી હતી.

બીજા બનાવમાં કોઠારીયા રોડની પરિણીતાએ પતિ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ પતિએ પ્રથમ પત્ની જીવિત હોવા છતાં તેના અવસાન અંગે ખોટી માહિતી આપી લગ્ન કર્યા હતા. બાદમાં દારૂના નશામાં મારકૂટ, શંકા-કુશંકા અને માનસિક ત્રાસ આપતો હતો. આઠ મહિનાની ગર્ભાવસ્થા દરમિયાન પતિએ ધક્કો મારી નીચે પછાડી દેતા ઈજા પહોંચી હતી. પુત્રીના જન્મ બાદ સાસરિયાઓએ બાળકનું મોઢું પણ જોવા ન આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. સતત ત્રાસના કારણે પરિણીતાને બ્રેઈન સ્ટ્રોક આવતાં હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી. ત્યારબાદ છૂટાછેડા માટે દબાણ કરી દીકરીને લઈ જવાનો પ્રયાસ કરાયો હોવાનું પણ ફરિયાદમાં નોંધાયું છે.

મહિલા પોલીસે બંને ફરિયાદોના આધારે સંબંધિત આરોપીઓ સામે ઘરેલું હિંસા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# કારના ચોરખાનામાં સંતાડેલા 3.81 લાખના દારૂ સાથે શખ્સ ઝડપાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં દારૂનું દુષણ ડામી દેવા પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાની સૂચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એ એસ ચાવડાના માર્ગદર્શન હેઠળ ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફના રાજેશભાઈ ચાવડા અને અનિલભાઈ સોનારાને મળેલી બાતમી આધારે સ્ટાફે કુવાડવા જીઆઇડીસી પાસે વોચ ગોઠવી બાતમીવાળી કાર અટકાવી કોર્ડન કરી જડતી લેતા સીટ નીચે બનાવેલા ચોરખાનામાંથી ૩,૭૦,૮૦૦ રૂપિયાની દારૂની ૧૨૦ બોટલ મળી આવતા કારચાલકને સકંજામાં લઇ નામઠામ પૂછતાં પોતે નાગેશ્વર વિસ્તારના શંખેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતો હિતેશ સવદાસ મોઢવાડીયા હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી દારૂ, કાર, મોબાઈલ સહીત ૧૩.૮૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે હિતેશ સામે અગાઉ આ જ વર્ષમાં દાહોદમાં દારૂનો એક ગુનો નોંધાઈ હોવાનું જાણવા મળ્યું છે.





# શાપરમાં લૂંટમાં વધુ 4 ઝડપાયા : પૂર્વ ભાગિયો જ સૂત્રધાર નીકળ્યો

## સાગરીતો સાથે મેળામાં પ્લાન ઘડ્યો : વધુ 12.50 લાખની રોકડ સહીત 17 લાખની મતા જપ્ત

## લૂંટ–ધાડના સૂત્રધાર સહીત વધુ 6 શખ્સોની શોધખોળ : કુલ 93,88,270નો મુદામાલ રિકવર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના શાપરમાં રહેતા રાજવી જીતેન્દ્રસિંહ જાડેજાને ગત તારીખ ૧૯-૨૦ની રાત્રે ઘરમાં જ બંધક બનાવી છ બુકાનીધારી શખ્સો ૨.૪૭ કરોડની રોકડ, દાગીના, રાયફલ, મોબાઈલ સહીત ૨.૪૯ કરોડની મતા લૂંટી નાસી ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ગુનાનો ભેદ ઉકેલવા ૨૦ જેટલી જુદી જુદી ટિમો દોડાવવામાં આવી હતી અને અગાઉ ૩ આરોપીઓ બનસીંગ ઉર્ફે બંને હેમરાજ સિંગાડ, સેતાન દીવાનભાઈ અમલિયાર અને દિનેશ સેતાનભાઈ પરમારની ધરપકડ કરી રોકડ સહીત ૭૬.૮૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો દરમિયાન ટીમ અન્ય આરોપીઓની શોધખોળમાં લાગી ગઈ હતી અને આજે વધુ ૪ આરોપીઓને પકડવામાં પોલીસને સફળતા પ્રાપ્ત થઇ છે અગાઉ ૭૬.૮૬ લાખનો મુદામાલ રિકવર કર્યા બાદ વધુ ૧૭ લાખની રિકવરી થતા કુલ ૯૩,૮૮,૨૭૦નો મુદામાલ રિકવર કરવામાં આવ્યો છે.

એસપી વિજયસિંહ ગુર્જરએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ ગુનામાં વધુ ૪ આરોપીઓ એમપીના વિજન નજરું માવી, રામેશ્વર ઉર્ફે પપ્પુ કેહજી મચ્છાર, રાજુ કમલસીંગ જોતરા અને સાગર ઉર્ફે સાગરિયા ગુલબાભાઈ મેડાની ધરપકડ કરી ગુનામાં ગયેલ રોકડ પૈકી ૧૨.૫૦ લાખની રોકડ, તુફાન ગાડી, બાઈક અને ૪ મોબાઈલ સહીત ૧૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો વધુમાં એસપીએ જણાવ્યું હતું કે આ લૂંટ-ધાડમાં મુખ્ય સૂત્રધાર બહાદુર નજરું બબેરીયા નામનો શખ્સ છે તે અગાઉ ભોગ બનાનર જીતેન્દ્રસિંહ જાડેજા અને તેના ભાગીયા અરવિંદભાઈ પટેલની વાડીમાં પેટા ભાગીયા તરીકે વાડી વાવવા રાખતો હતો અને એક વર્ષ પછી વતન જતો રહ્યો હતો ત્યારે ઘરમાં મોટો દલ્લો હોવાની વાતથી વાકેફ હોય વતનમાં મેળો યોજાયો હોય તેમાં સાગર અને રાજુને વાત કરી લૂંટનો પ્લાન ઘડ્યો હતો તે પછી તે બંનેએ નિલેશ અને પપ્પુને વાત કરી સમગ્ર પ્લાન ઘડી ગુનાને અંજામ આપ્યો હતો આ ગુનામાં સૂત્રધાર એમપીના બહાદુર ઉપરાંત કલમસિંગ ઉર્ફે કમલસીંગ માવજીયા સિંગાડ, કરણસીંગ ઉર્ફે મડિયા હેમરાજ સિંગાડ, મહોબતસિંગ, આલમસિંગ ઉર્ફે સુલસુલા બામણીયા અને નિલેશ મછારની શોધખોળ હાથ ધરી છે.

આ ટોળકી પ્લાન મુજબ રાજકોટ આવવા નીકળી હતી પરંતુ સીસીટીવીમાં ન આવે તે રીતે વડોદરા પહોંચી ધંધુકા થઇ તે ચોટીલા આવ્યા હતા અને બે લોકો હોટલમાં અને બે લોકો વાડી વિસ્તારમાં રોકાયા હતા પ્લાન મુજબ ૧૯ તારીખની રાત્રીના સમયે તમામ છ લોકો બોલેરો લઈને શાપર પહોંચ્યા હતા અને લૂંટને અંજામ આપ્યો હતો આ ગુનામાં સામેલ વીજન માવી સામે ૨ ગુના, રામેશ્વર સામે ૭ ગુના, સાગર સામે ૧ ગુનો, કલમસિંગ સામે ૨ ગુના મહોબતસિંગ સામે ૨૨ ગુના અને આલમસિંગ સામે ૧૬ ગુના નોંધાઈ ચુક્યા છે.

### પાંચ દિવસ અગાઉ આવી રેકી કરી હતી

આ ટોળકીએ પ્લાન ઘડી તુફાન લઈને ગત ૧૫ તારીખે રાજકોટ આવ્યા હતા ક્યાં રસ્તેથી આવવું, ઘરમાં પ્રવેશ કરવા કઈ વાડીમાંથી આવવું તેનું, ક્યાં રસ્તેથી ભાગવું, પોલીસ સ્ટેશન તેમજ રસ્તામાં આવતા તમામ સીસીટીવી તેમજ ક્યાંથી બાઈકની ઉઠાંતરી કરવી તે સહિતની રેકી કરી હતી.

### કાળી ચકલીએ રસ્તો કાપ્યો એ અપશુકન ગણ્યું

૧૫ તારીખે રેકી કર્યા બાદ ટોળકીએ ૧૭ તારીખનું મુહૂર્ત કાઢ્યું હતું અને ૧૭ તારીખે આ લોકો લૂંટને અંજામ આપવા નીકળ્યા પણ હતા પરંતુ રસ્તામાં પ્રારંભે જ કાળી ચકલીએ રસ્તો કાપતા તે અપશુકન માની તે લોકો પરત ઘરે જતા રહ્યા હતા અને બીજા દિવસે નીકળ્યા હતા.

# ગોંડલના કારખાનેદારે રાજકોટના વ્યાજખોર સામે ફરિયાદ નોંધાવી

## 7 લાખ વ્યાજે લીધા બાદ 3 લાખ ચૂકવ્યા છતા 12 લાખની પઠાણી ઉઘરાણીનો આક્ષેપ; ત્રાસથી ઝેરી દવા પીધાનો દાવો

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલના કારખાનેદાર યુવાને રાજકોટના કણકોટ ગામના એક શખ્સ સામે વ્યાજખોરી અને પઠાણી ઉઘરાણીનો આક્ષેપ કરી ગોંડલ બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, કુલ રૂ. ૭ લાખ વ્યાજે લીધા બાદ રૂ. ૩ લાખ પરત ચૂકવ્યા હોવા છતાં આરોપી વધુ રૂ. ૧૨ લાખની માંગ કરી ધમકીઓ આપતો હતો. મૂળ કાલાવડ પંથકના વતની અને હાલ ગોંડલના ગુંદાળા ચોકડી નજીક ઉર્જા સોસાયટીમાં રહેતા કારખાનેદાર બિપીનભાઈ જયંતીભાઈ ઉર્ફે દિનેશભાઈ ઠુમ્મરે ફરિયાદમાં જણાવ્યું છે કે ધંધામાં નુકસાન થતાં છ મહિના પહેલાં કારખાનું બંધ કરવું પડ્યું હતું. ભાગીદારોને રૂપિયા ચૂકવવા માટે તેમણે અગાઉ પરિચયમાં આવેલા રાજકોટના કણકોટ ગામના વિશાલ ઉર્ફે વિર કિશોર સોંદરવા પાસેથી ઓગસ્ટ-૨૦૨૫માં રૂ. ૧ લાખ ૩૦ ટકા વ્યાજે લીધા હતા. વ્યાજના રૂ. ૩૦ હજાર કાપીને રૂ. ૭૦ હજાર ગૂગલ પે મારફતે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અલગ-અલગ સમયે કુલ રૂ. ૭ લાખ વ્યાજે લીધા હોવાનું જણાવ્યું છે. ફરિયાદ અનુસાર આરોપી વારંવાર ફોન કરી, ઘરે આવી અને રૂબરૂ મળી ગાળો આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી વ્યાજની ઉઘરાણી કરતો હતો. ત્રાસથી કંટાળી પત્નીના સોનાના દાગીના ગીરવે મૂકી ત્રણ મહિના પહેલાં રૂ. ૩ લાખ આંગડિયા મારફતે મોકલ્યા હતા. તેમ છતાં બાકી રહેલા રૂ. ૪ લાખ સામે આરોપીએ કોરા ચેક લઈ વ્યાજ સહિત રૂ. ૧૨ લાખ ચૂકવવાના લખાણ કરાવી લીધાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સતત માનસિક ત્રાસથી કંટાળીને ગત ૨૯ જૂને ફરિયાદીએ ગુંદાળા ચોકડી પાસેથી ઝેરી દવા ખરીદી જામવાડી નજીક કારમાં પી લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બાદમાં પત્નીને ફોન કરતાં પરિવારજનો તેમને ગોંડલની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. ઘટના બાદ પોલીસમાં અરજી કરવા છતાં આરોપી ઉઘરાણી ચાલુ રાખતો હોવાનું જણાવી અંતે ગોંડલ બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# પરિમલ નથવાણીએ 'જય-વીરુ'ની સ્મૃતિમાં બેકલાઈટ બોર્ડનું અનાવરણ

## સિંહસદન અને દેવાળીયા સફારી પાર્ક ખાતે ગીરની દંતકથારૂપ સિંહજોડીને અપાઈ અનોખી શ્રદ્ધાંજલિ

સિટી ન્યૂઝ@રાજકોટ

ગીર જંગલની સૌથી સુપ્રસિદ્ધ અને અતિપ્રિય સિંહ બેલડીને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ અર્પણ કરતા, જાણીતા સિંહપ્રેમી અને રાજ્યસભા સાંસદ, પરિમલ નથવાણીએ સાસણ ગીરમાં સિંહસદન અને દેવાળીયા સફારી પાર્ક ખાતે 'જય-વીરુ'ને દર્શાવતા બેકલાઇટ બોર્ડનું અનાવરણ કર્યું હતું. જય-વીરુનું આ બેકલાઇટ બોર્ડ નથવાણી તરફથી તેમના હૃદયમાં સવિશેષ સ્થાન ધરાવતા આ સિંહ બેલડીને આપેલી હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ છે. આ પ્રસંગે વન સંરક્ષક (વાઈલ્ડલાઈફ સર્કલ, જૂનાગઢ) રામ રતન નાલા, તેમની વન અધિકારીઓની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા.




આ પહેલ વિશે જણાવતા, પરિમલ નથવાણીએ કહ્યું હતું કે: "અમે ઇચ્છીએ છીએ કે સાસણ ગીરની મુલાકાત લેનારા દરેક પ્રવાસી અને વન્યજીવન પ્રેમી જય-વીરુના વારસાને સારી રીતે જાણે. તે બંને ગીરના જંગલની અત્યાર સુધીની સૌથી નીડર, ભવ્ય અને અવિભાજ્ય સિંહ બેલડીઓમાં સ્થાન ધરાવતા હતા. તેઓ ગીરનું સાચું ગૌરવ હતા, અને આ સ્મૃતિ દ્વારા, અમે તેમને અમર બનાવવાનો ઉદ્દેશ ધરાવીએ છીએ."

નથવાણીએ આ સિંહજોડી સાથે જોડાયેલી પોતાની ઊંડી અંગત લાગણીઓને પણ જણાવતા એ યાદ કર્યું હતું કે, તેઓ વન વિભાગના અધિકારીઓ સાથે તેમના નામકરણમાં સક્રિય રીતે સામેલ હતા જે બાબત આ શ્રદ્ધાંજલિને ખૂબ જ ભાવનાત્મક બનાવે છે.

### જય-વીરુનો સમૃદ્ધ વારસો

ગયા વર્ષે અન્ય સિંહો સાથે પોતાના સીમાડા માટેની અથડામણ બાદ જય અને વીરુનું દુઃખદ અવસાન થયું હતું. ગત ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ તે બંનેના મૃત્યુ પછી તુરત જ, નથવાણીએ "જય-વીરુની જોડી" નામના એક ભાવનાત્મક લોક-શૈલીના ગાયન અને "જય-વીરુની અમર ગાથા" નામની એક સંવેદનાત્મક દસ્તાવેજી રજૂ કરી હતી. આ બંને પ્રોજેક્ટ્સે બંને ડાલામથ્થાની પરસ્પરની ભાવના, અતૂટ બંધન અને અમિટ વારસાની સુંદર રીતે પ્રસ્તુતિ કરી હતી. બોલિવૂડની યાદગાર ફિલ્મ શોલેના અમર થઈ ગયેલા પાત્રોની યાદ અપાવતા, જય અને વીરુનો વાસ્તવિક જીવનનો સંગાથ રૂપેરી પડદા પરના જય-વીરુની ઉપસ્થિતિ કરતા પણ વધુ છવાઈ ગયો હતો. ગીરના વન્યજીવ પ્રેમીઓ અને અનુભવી ટ્રેકર્સ વારંવાર આ ભવ્ય બેલડીના અસંખ્ય સાહસોનું વર્ણન કરે છે. ક્યારેક ક્યારેક નાના-મોટા ઝઘડા અને સંઘર્ષ વચ્ચે પણ, આ બંનેનું બંધન અતૂટ રહ્યું હતું કારણ કે તેઓએ સંયુક્ત રીતે માલણકા, કેનેડીપુર, નતાડિયા, ઇટાડી અને લિમધ્રા જેવા ક્ષેત્રો પર શાસન કર્યું હતું.

# સરગમ કલબના ઈવનિંગ પોસ્ટમાં ચાર દિવસીય સંગીત સંધ્યાનું આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

સરગમ કલબ સંચાલિત સિનિયર સિટિઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ ખાતે તા. ૮, ૧૦, ૧૧ અને ૧૨ જુલાઈ દરમિયાન સાંજે ૫:૩૦ કલાકે સંગીત સંધ્યાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત તા. ૮ જુલાઈએ 'ઓમકાર મ્યુઝિકલ ગ્રુપ', તા. ૧૦ જુલાઈએ 'શિવમ ઈવેન્ટ ગ્રુપ', તા. ૧૧ જુલાઈએ 'સાહેલી મ્યુઝિકલ ગ્રુપ' અને તા. ૧૨ જુલાઈએ 'દોસ્તાના ગ્રુપ' દ્વારા સંગીતના સુમધુર કાર્યક્રમો રજૂ કરવામાં આવશે.

સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોને માન્ય આઈકાર્ડના આધારે જ પ્રવેશ આપવામાં આવશે. સભ્યોએ આઈકાર્ડ સાથે લાવવું ફરજિયાત રહેશે અને સમયસર હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, ઈવનિંગ પોસ્ટના ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ-ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા તેમજ હરનેશભાઈ સોલંકી, જગદીશભાઈ રાણપરા, સંદીપભાઈ માનાણી, દક્ષાબેન ત્રિવેદી અને રાજેશભાઈ નિમાવત સહિતના હોદ્દેદારો જહેમત ઉઠાવી રહ્યા છે.

## સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ અને ભારત વિકાસ પરિષદના ઉપક્રમે ધાર્મિક કાર્યક્રમ સાથે સમાજજાગૃતિનો પ્રેરણાદાયક સંદેશ

# રામાનંદી સાધુ સમાજની 500થી વધુ બહેનોની ઉપસ્થિતિમાં રાંદલના લોટા ઉત્સવનું ભવ્ય આયોજન

સિટી ન્યૂઝ@રાજકોટ

સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટ, રાજકોટ અને ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે રાંદલના લોટા ઉત્સવનું ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રામાનંદી સાધુ સમાજની ૫૦૦થી વધુ બહેનોએ ઉત્સાહપૂર્વક અને શ્રદ્ધાભાવે ભાગ લઈ ધાર્મિક વિધિઓમાં સહભાગી બની આસ્થાનો અનોખો અને પ્રેરણાદાયક પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિભાવ અને ધાર્મિક ઉર્જાનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સમાજજાગૃતિ માટે વિશેષ સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હિન્દુ જાગરણ મંચ, રાજકોટ મહાનગરના હોદ્દેદારોએ બહેનોને સામાજિક સતર્કતા, છેતરપિંડીથી બચવા, સ્વસુરક્ષા અને કાયદાકીય જાગૃતિ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સત્ર બહેનો માટે ખૂબ જ ઉપયોગી અને જાગૃતિ લાવનાર સાબિત થયું હતું. આ પ્રસંગે હિન્દુ જાગરણ મંચના ડો. જ્યોતિબેન પટેલ, હરીતભાઈ વ્યાસ, તુલસીભાઈ પટેલ, નિલેશભાઈ ચૌહાણ, ડો. ક્રિષ્નાબેન તેમજ એડવોકેટ રશ્મિબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ભારત વિકાસ પરિષદ તરફથી જેઠસુરભાઈ ગુજરીયા, રમેશભાઈ દત્તા અને શાંતીગીરી સામતગીરી ગોસાઇએ પણ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને ગૌરવ આપ્યું હતું. સમસ્ત રામાનંદી યુવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ જીજ્ઞેશ રામાવતના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના હોદ્દેદારો, કાર્યકરો અને મહિલા આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી અને આયોજનને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કાર્યક્રમના અંતે આયોજકોએ ઉપસ્થિત મહેમાનો, બહેનો, સહયોગી સંસ્થાઓ અને કાર્યકરોનો આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે આવા ધાર્મિક, સાંસ્કૃતિક અને સમાજજાગૃતિના કાર્યક્રમો સમાજને નવી દિશા આપે છે અને એકતા તથા જાગૃતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# રાજકોટના ડો. એ.આર. ભપલ અને સરધારના ડો. દીપક પારેખનું સન્માન





સિટી ન્યૂઝ@રાજકોટ

## » ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ-મુંબઈએ સેવાભાવી તબીબોના આરોગ્ય ક્ષેત્રના યોગદાનને બિરદાવ્યું

રાષ્ટ્રીય ડોક્ટર્સ ડે નિમિત્તે ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજ-મુંબઈ દ્વારા રાજકોટના જાણીતા તબીબ ડો. એ.આર. ભપલ અને સરધારના ડો. દીપકભાઈ પારેખનું સેવાભાવી કાર્ય બદલ સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સમાજના ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ડોક્ટર માત્ર વ્યવસાય નહીં પરંતુ સેવા, સમર્પણ અને માનવતાનું પ્રતીક છે.

ડો. એ.આર. ભપલે સિવિલ હોસ્પિટલમાં લાંબા સમય સુધી સેવા આપ્યા બાદ હાલ સદર બજાર ખાતે સામાન્ય અને મધ્યમવર્ગના દર્દીઓને ટોકન દરે સારવાર તેમજ દવાઓ ઉપલબ્ધ કરાવી રહ્યા છે. ઉપરાંત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે અને દર રવિવારે સત્યસાંઈ હોસ્પિટલ ખાતે બ્લડપ્રેશર અને ડાયાબિટીસના દર્દીઓને નિશુલ્ક જેનેરિક દવાઓનું વિતરણ કરે છે.

સરધારના ડો. દીપકભાઈ પારેખ વર્ષોથી ગ્રામ્ય વિસ્તારમાં વ્યાજબી દરે સારવાર આપીને દર્દીઓની સેવા કરી રહ્યા છે. વિવિધ ધાર્મિક પ્રવાસ દરમિયાન પણ તેમણે સહપ્રવાસીઓને ૨૪ કલાક નિશુલ્ક તબીબી સેવા પૂરી પાડી છે.

આ પ્રસંગે બંને તબીબોનું શાલ, કેશરી ઉપરણું, સેવાભાવને પ્રતિબિંબિત કરતું પુસ્તક તથા શ્રીનાથજીનું ચિત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા મોઢ વણિક સમાજના ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલ, અનુપમભાઈ દોશી, જીતુભાઈ ગાંધી, પંકજભાઈ રૂપારેલિયા, વરૂણભાઈ પટેલ, ગીતાબેન પટેલ, કલ્પનાબેન દોશી, હાર્દિકભાઈ દોશી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વરૂણભાઈ પટેલે કર્યું હતું.







# સરગમ કલબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં 2,500 અસ્થિનું પૂજન

## » 12 જુલાઈએ હરિદ્વારમાં શાસ્ત્રોક્ત વિધિથી અસ્થિ વિસર્જન કરાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ ક્લબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી  ૨૦૨૬ થી જૂ  ૨૦૨૬ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા. શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી થી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો. તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ તા. ૦૫/૦૭/૨૦૨૬ ને રવિવારે સવારે ૮/૩૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાયેલ. મૃતકોના તમામ સ્વજનો ની હાજરીમાં યોજાયેલ. સરગમ ક્લબ આગામી તારીખ ૧૨/૦૭/૨૦૨૬ મી રવિવાર  એ આ તમામ અસ્થિઓનું વિસર્જન  હરિદ્વાર મૂકામે સવારે ૭/૦૦ કલાકે હરકિપેઠી અસ્થિપૂજન ઘાટ ઉપર થશે. દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે. ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા નાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી, મનસુખભાઈ ધંધૂકિયા , અનવરભાઈ ઢેબા, રાજેન્દ્રભાઈ શેઠ, કનૈયાલાલ ગજેરા, ડો. પંકજભાઈ રાઠોડ, જયસુખભાઈ ડાભી, કૌશિકભાઈ વ્યાસ, દીપકભાઈ શાહ, સુરેશભાઈ દેત્રોજા, જયેશભાઈ કાટકોરિયા, તેમજ ગીતાબેન હિરાણી,  ડો. અલ્કાબેન ધામેલિયા, જયશ્રીબેન વ્યાસ, હેતલબેન થડેશ્વર, નીતાબેન પરસાણા, દિવ્યાબેન ઉમરાણીયા,  નિશાબેન ખંધેડીયા, ઉર્વશીબેન ટાંક, કૈલાશબા વાળા, વૈશાલીબેન શાહ, ઝરણાબેન વિરડીયા, આરતીબેન હૂમ્મર અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળેલ.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| KUSUMGAR | 08/7 | 10/7 | 398 - 419 | 35 | 14,665 |
| LASER POWER & INFRA | 09/7 | 13/7 | 203 - 214 | 70 | 14,980 |
| SME DETAILS | | | | | |
| HAPPY STEELS | 09/7 | 13/7 | 62 - 66 | 4000 | 2,64,000 |
| DEVSON CATALYST | 09/7 | 13/7 | 112 - 118 | 2400 | 2,83,200 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- એશિયન પેઈન્ટ્સ લિ.ની ૨૯ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.
- સૂર્યોદય સ્મોલ ફાઈનાન્સ બેંક લિ.ની બોર્ડ મીટિંગ ૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ઈન્ડિયન બેન્કની બોર્ડ મીટિંગ ૧૦ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- યસ બેન્ક લિ.ની બોર્ડ મીટિંગ ૧૮ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ટાટા એલેક્સી લિ.ની બોર્ડ મીટિંગ ૧૪ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- હેવેલ્સ ઈન્ડિયા લિ.ની બોર્ડ મીટિંગ ૧૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૦ જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- કોટક મહિન્દ્ર બેન્ક લિ.ની ૧૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.